Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.13 - Issue 11
November 2020
Price 12/-



નૂતનવર્ષના પર્વોનું આધ્યાત્મિક રહસ્ય

ભારતના માનવંતા મહેમાન શિવની થઈ ચૂકી છે પધરામણી,
સ્વયં ભાગ્યવિધાતા ધરા પર અવતરી આપી રહ્યાં સૌને વધામણી,
અનેરી અનોખી આ આધ્યાત્મિક ઉજવણી....

સદીઓથી વિવિધ પ્રકારની દીપમાળાઓ ખૂબ મનાવી,
સુણીએ સમયનો પુકાર, હવે તો જુઓ આત્મ-દીપ પ્રગટાવી,
ઘરની સાફ-સફાઈ સંગે થાયે મનની, તો તબિયત રહેશે તાજી,
સદ્ગુણોની રંગોળી, સંગે ખુશીઓની આતશબાજી....અનેરી....

નવા વર્ષે મીઠા મુખની પરંપરા આજ સુધી અપનાવી,
પણ સંબંધોમાં આવે મધુરતા, એ જ સુખદ જીવનની ચાવી,
નવયુગના આગમન કેરું, હવે તો જાણી લ્યો રહસ્ય,
આધારસ્તંભ છે એની-કથની કરણીનું સામંજસ્ય.... અનેરી....

ભાઈબીજે જો વીરો ભોજન બહેનીને ત્યાં ખાય,
અંત સમયે સમ્માન સહિત એને યમરાજ લઈ જાય,
ઈર્ષ્યા, દ્વેષ ને વ્યર્થ વિચારોની રાખે જે પરહેજ,
હાટડી ધર્મરાજની એ પાર કરી લે સહેજ.... અનેરી....

પ્રભુ પાસે સૌના પાપની નોંધણી, હવે થઈ રહી છે તેની સુનવણી,
સમયની આ ચેતવણી, હવે તો કરીએ પાપકર્મોની લણણી,
લાભપાંચમથી મનની ધરતી પર કરીએ, શ્રેષ્ઠ સત્કર્મોની વાવણી,
૨૧ જન્મોની થાયે કમાણી, સાથે સંગે સ્વર્ગની પહેરામણી.... અનેરી....

– બ્ર.કુ. પાયલબેન, ઉપલેટા (ગુજરાત)

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૩ નવેમ્બર-૨૦૨૦ અંક : ૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- કર્મોની ગતિ ....તંત્રી સ્થાનેથી ..04
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..07
- અમૃતધારા ....દાદી જાનકીજી ..08
- દીપાવલી - જ્ઞાન રોશનીનું મહા પર્વ ..બી.કે. ગાયત્રીબેન ..11
- જીવનમાં આત્મિક શક્તિ કઈ ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..13
- જીવન શું છે ?....................................બ્ર.કુ. મધુબેન ..18
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..20
- બીમારીથી બચવા - યોગાભ્યાસ ....બ્ર.કુ. પ્રફુલચંદ્ર ..22
- વિશ્વભરમાં વિરોધાભાસી વલણનો વાયરો બ્ર.કુ. કિશોર ..24
- પ્રસંગ પરિમલ 27
- વર્તમાન સમયની આવશ્યકતા ....બ્ર.કુ. ગોદાવરીબેન ..28
- દાદી મનોહર ઈન્દ્રાજી ....બ્ર.કુ. પાયલ (ભોલી) ..30
- સાક્ષીભાવમાં રહેવું જ સાચા યોગી બનવું 32
- વર્ષ 2021 માટે વિશેષ સૂચના 34

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક

રાજયોગિની ભારતીદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

કર્મોની ગતિ

જ્યારે સાધક સાધનાના અતલ ઊંડાણમાં ગરકાવ થઈ જાય છે ત્યારે તેને જીવનનાં કેટલાંયે ગુહ્ય રહસ્યો સમજાય છે. તે સર્વ રહસ્યોમાં એક મહત્ત્વપૂર્ણ રહસ્ય છે કર્મોની ગતિને સમજવાનું. તેથી જ કહેવાયું છે કે ‘કર્મોની ગતિ અતિ ન્યારી’.

આજનો માનવ કર્મ પ્રત્યે જાગૃત નથી. કર્મ એટલે માત્ર સ્થૂલ કર્મ જ નહીં પણ મન, વાણી અને વ્યવહારથી આચરાતાં કાર્યોનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી માત્ર કર્મથી પણ તેમાં સમાવેશ થાય છે. તેથી માત્ર કર્મથી નહીં પણ મન અને વાણી દ્વારા કરેલા સંકલ્પો, વિચારો, ઉચ્ચારણો પણ કર્મની ગતિના હિસાબમાં આવી જાય છે.

આજે માનવ વૃત્તિ, વિચારો અને વર્તનમાં નિરંકુશ બની રહ્યો છે. રાજસત્તા કે ધર્મસત્તાનો તેને ખાસ ડર રહ્યો નથી. સમાજમાં વડીલોનું આધિપત્ય પહેલાના જેવું મહત્ત્વપૂર્ણ રહ્યું ન હોવાથી લોકો તેમનું કહ્યું માનતા નથી. આજના બાળકો, યુવાન-યુવતિઓ માતા-પિતાને કે વડીલોને પણ ગાંઠતા નથી. સ્વતંત્રતાનો અતિરેક સ્વચ્છંદતામાં પરિણમ્યો છે. તેમાંયે ચલચિત્રો, ફેશન, પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા સાહિત્યે માનવના મનને જુગુપ્સા પ્રેરક, અશ્લીલ સાહિત્યે માનવના મનને અત્યંત શિથિલ, નિરંકુશ બનાવી દીધું છે. આ સંજોગોમાં માનવ પ્રત્યેક સંકલ્પ, વિચાર, વાણી અને કર્મ કરતાં તેની શ્રેષ્ઠતા તરફ ધ્યાન આપતો નથી. ભૌતિકવાદ માનવને ઘેરી વળ્યો છે. દેહનાં સુખો માટે નિશદિન પ્રવૃત્તિઓમાં, પુરુષાર્થમાં રત માનવોને આત્માની કે શ્રેષ્ઠ કર્મોના ભાથાની ચિંતા ખાસ સતાવતી નથી.

સમાજનું વાતાવરણ પણ આ માટે જવાબદાર છે. એક વખતે કહેવાતું કે ‘રાજા કાલસ્ય કારણમ્’ અને ‘યથા રાજા તથા પ્રજા’ શાસકોના જીવનનો પ્રભાવ જનતા ઉપર પડતો. પ્રજાવત્સલ શાસકો પોતાનાં સંતાનોની જેમ પ્રજાનું ધ્યાન રાખતા. સ્વયંના સુખોને ભોગે જનતાની સેવા કરી ધન્યતા અનુભવતા, પણ આજે આ પરિસ્થિતિ રહી નથી. સમાજનો દરેક વર્ગ પોતાને ફાવે તે રીતે વર્તી રહ્યો છે. કાયદાના શાસનને પણ ઘોળી પી જનારા લોકોની સંખ્યા વધતી જાય છે. રાજસત્તા અને અર્થસત્તા દ્વારા બધું જ શક્ય છે. તેની પ્રતીતિ લોકો કરતાં થયાં છે. માનવની અર્થ પ્રાપ્તિની આંધળી દોટે નોકરી, ધંધા, વ્યવસ્થામાં ભેળસેળ, કાળાબજાર, સંઘરાખોરી, લાંચરુશ્વત, ભ્રષ્ટાચાર અને અપ્રમાણિકતાનું પ્રમાણ વધારી દીધું છે. આ સંજોગોમાં કોઈને કર્મોની ગતિનું જ્ઞાન આપીએ તો તેઓ આશ્ચર્ય અનુભવે છે. તેને હસવા જેવી વાત સમજીને તે તરફ ધ્યાન આપતા નથી.

આપણે પ્રયોગ ખાતર આપણા એક જ દિવસના કર્મોના ચાર્ટને તપાસીને આપણા અંતરૂપી આયનામાં આપણી સાચી તસ્વીર જોઈએ. મન, વાણી અને કર્મ તપાસીએ. મનમાં કોઈના પ્રત્યે વ્યર્થ સંકલ્પો કરવા, કોઈના અહિત માટે વિચારો કરવા, ઈર્ષા, દ્વેષ, નફરત, ઘૃણા આદિના સંકલ્પો, વિચારો કરવા તેનાથી કર્મની ગતિ બને છે. વાણી દ્વારા કટુતા કરવી, કોઈ હતાશ, નિરાશ થાય તેવા શબ્દો બોલવા, કોઈને અપમાનિત કરવાં, કટાક્ષયુક્ત વચનો બોલવાં, કોઈના આત્માને આપણી વાણીથી સૂક્ષ્મ, સ્થૂલ રીતે દુઃખ પહોંચાડવું, આપણી વાણી કોઈને

વ્યથિત કરે, તો તે અયથાર્થ છે. વાણીમાં મધુરતા, મીઠાશ હોવી જોઈએ. મુખરૂપી માઈક દ્વારા કલ્યાણકારી, શુભ વિચારોના, વરદાનોના પ્રવાહને વહેતો કરવો જોઈએ.

નોકરી કરતા હોઈએ ત્યાં પગારના પ્રમામમાં પૂરું કામ ન કરવું, નિષ્ઠાપૂર્વક, પ્રામાણિકતાથી, દિલ દઈને કામ ન કરવું. કામચોરી કરવી, હક્ક માટે જાગૃત રહેવું પણ ફરજ તરફ બેદરકાર રહેવું તેથી પણ કર્મબંધન બને છે. ભલે કોઈ અધિકારી તેનું ધ્યાન ન રાખે, હિસાબ ન રાખે પણ કર્મોનું ઈશ્વરીય કોમ્પ્યુટર તો તેની નોંધ અવશ્ય રાખે છે.

વ્યવસાયમાં મૂલ્યોને નેવે મૂકવાં, વધારે પડતો નફો મેળવવાના પ્રયત્નો કરવા, વજનમાં ઓછું આપવું, ભ્રામક જાહેરાતોથી જનતાને લલચાવવી ગુણવત્તાપૂર્વકનો માલ, ચીજો પૂરાં ન પાડવાં, તેમાં ભેળસેળ બનાવટ કરવી તે પણ પાપના અધિકારી બનાવે છે.

સત્તાનો સ્વાર્થ માટે, સગાવાદ માટે, જૂથવાદ માટે ઉપયોગ કરવો, જનતાની સાચી સેવા કરવાને બદલે નાણાં એકઠાં કરવામાં મગ્ન રહેવું, જ્ઞાતિવાદના ધોરણે સેવા કરવી, તકવાદી બની સત્તાનો ઉપયોગ સ્વયંના અને પરિવારના સ્વાર્થ માટે જ કરવો તો તે સેવા નહીં પણ કુસેવા છે. ભોળી જનતાની આંખમાં ધૂળ નાખીને પ્રચાર માધ્યમો દ્વારા પ્રસિદ્ધિનો સ્વાંગ રચી સેવાધારી કહેવડાવવું તે પણ હીન કાર્ય છે. સેવા એવી શુદ્ધ હોય કે જેની સૌરભ સામાન્ય જનતામાં પણ પ્રસરે. તો આપણે કોઈ પણ ક્ષેત્રમાં, કોઈપણ વ્યવસાયમાં, કોઈપણ નોકરીમાં હોઈએ પણ તેનાં મૂલ્યોનું જતન કરી, ઈશ્વરને બુદ્ધિ સમક્ષ રાખીને કાર્ય કરતાં કર્મબંધનો બનતાં અટકે છે. તેથી કર્મભોગ ભોગવવાનો વારો આવતો નથી.

યુધિષ્ઠિરે ઉચ્ચારેલા 'નરોવા કુંજરોવા'થી તેમના પ્રારબ્ધમાં થોડો ઘટાડો થયો. કર્ણ વાઘેલાના દૃષ્ટિદોષથી તેનું પતન થયું. પૃથ્વીરાજના વિષયાસક્તપણાનું પરિણામ ગુજરાતે ભોગવ્યું. દ્રૌપદીનાં કૌરવો માટે ઉચ્ચારેલાં કઠોર વચનોને કારણે મહાભારતનાં બીજ વવાયાં. આમ, કર્મ તેની ગતિ અવશ્ય કરે છે. તેથી કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર આદિ વિકારોનાં સ્થૂલ, સૂક્ષ્મ સ્વરૂપોથી સાવધાન રહેવું જોઈએ.

આજનો મહારોગ તે દૃષ્ટિદોષનો છે. સમાજે નૈતિક ધોરણોને આધારે ઘડેલી લક્ષ્મણરેખાને જીવનમાં યોગ્ય સ્થાન મળવું જોઈએ. દૃષ્ટિમાં સાત્વિકતાને બદલે વિકાર અને વાસનાનું પ્રમાણ વધારે જોવા મળે છે. અયોગ્ય, નિંદનીય સંબંધોનું પ્રમાણ વધતું જાય છે. જે માનવના પતન માટે, વિનાશ માટે જવાબદાર છે. આજના વાતાવરણમાં કંઈક ખૂટતું હોય તેમ ટી.વી. દ્વારા મોડી રાતના ફિલ્મોનું પ્રસારણ શરૂ થયું છે. જેનો ઉપયોગ કિશોરો નહીં કરે તેની કોઈ ખાતરી નથી. સૌને ટી.વી.ના નશામાં રોકી રાખીને આપણે તેમનામાં કઈ દિવ્યતાનું, શ્રેષ્ઠ ચારિત્ર્યનું નિર્માણ કરવા માગીએ છીએ? આ બધાનાં ફલસ્વરૂપે દૃષ્ટિમાં વિકાર, વાસના જોવા મળે, તો તે માટે કોણ નિમિત્ત બને છે?

આજે માનવને તેના આત્માના, ગુણોના માપદંડથી જોવાને બદલે દેહ અને દેહના આકર્ષણ, બાહ્ય રૂપે મૂલવાય છે. તેથી માનવની દૃષ્ટિ આત્માના ઊંડાણ સુધી જતી નથી. દેહ અને દેહના સૌંદર્યને જોવા ટેવાયેલા લોકો આત્માને ન ઓળખવાને કારણે દૃષ્ટિ, વૃત્તિ, કૃતિ દ્વારા વિકર્મોના ભોગ બની કર્મ બંધનોમાં જકડાઈ જાય છે. આમ જોવા જઈએ તો, પળે પળે, ડગલે ડગલે

માનવે જાગૃત રહીને કર્મ કરવાં જોઈએ. બેધ્યાનપણે, અસાવધાનીપૂર્વક, આળસમાં, પ્રમાદમાં કરેલાં કર્મો પશ્ચાતાપ કરાવે છે. કર્મના આદિ, મધ્ય, અંતનો વિચાર કરવો જોઈએ. તેનાથી આવનારાં પરિણામોનો વિચાર કર્મ કરતાં પહેલાં કરવો જોઈએ. તેની અસરોનું મૂલ્યાંકન, મંથન કરવું જોઈએ.

કર્મોની ગતિ તરફ વધારે ધ્યાન આપવા માનવ પોતાની જરૂરિયાતો ઘટાડે. વ્યસન, ફેશન, વિકારોમાંથી મુક્ત બને. સાદું જીવન અને ઉચ્ચવિચારને જીવન ધ્યેય બનાવે તો કર્મોની ગુણવત્તા તરફ ધ્યાન આપી શકાય.

નિરંકુશ વૃત્તિઓ અને ઈચ્છાઓ કુકર્મો તરફ દોરી જાય છે. કર્મેન્દ્રિયો રૂપી અશ્વોને જો આત્માની લગામ હોય, તો માનવ કર્મો ઉપર નિયંત્રણ લાવી શકે છે.

માનવ સ્થૂલ કે સૂક્ષ્મ, સારું કે ખોટું, દૈવી કે આસુરી જે કંઈ કર્મ કરે, તેનો સારો કે ખોટો હિસાબકિતાબ તો અવશ્ય બને છે. તદ્અનુસાર તેનું પરિણામ તેને અચૂક ભોગવવું પડે છે. નુકસાન, માંદગી, અકસ્માત, પ્રાકૃતિક આપદાઓ યા ભિન્ન ભિન્ન સ્વરૂપે, કર્મભોગ દ્વારા તેને અવશ્ય ચુક્તે કરવું પડે છે. યોગીઓ યોગાભ્યાસ દ્વારા કર્મબંધનો, કર્મભોગને કર્મયોગમાં પરિવર્તત કરે છે. યોગબળ દ્વારા વિકર્મો ભસ્મ કરે છે. પણ આજનો માનવ આ સર્વ વાતોને સૂક્ષ્મતાથી, ગંભીરતાથી લેતો નથી.

પરમાત્મા પરમપિતા છે તો ધર્મરાજ પણ છે. માનવને અંતમાં ધર્મરાજપુરીમાં કર્મોનો હિસાબ-કિતાબ સમજવો પડે છે. તદ્અનુસાર પુનર્જન્મ મળે છે. ઈસ્લામમાં તેને કયામતના દિવસ તરીકે મૂલવવામાં આવે છે. માનવ પોતાનાં લૌકિક કાર્યોમાં નોકરી ધંધામાં જેટલું ધ્યાન આપે છે તેટલું ધ્યાન પોતાનાં કર્મોની શ્રેષ્ઠતા તરફ આપે તો ચોક્કસ કર્મ કરતાં પહેલાં તેને બ્રેક મારી શકે. આધ્યાત્મિકતા દ્વારા માનવમાં કર્મો પ્રત્યેની જાગૃતિ જન્મે છે. ટૂંકમાં માનવે કર્મ, આકર્મ અને વિકર્મની ગતિને સમજીને કર્મો કરવાં જોઈએ.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 07નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

છું કે હું શા માટે મારા વિચારો જોઈ શકતી નથી? આપ જેમ સહજ ચાલી રહ્યા છો તે રીતે ચાલતા જાઓ. માત્ર એ ધ્યાન રાખો કે હું શું વિચારી રહ્યો છું. એને જાણવાની કોશિશ કરો તો જેવી આપણને ખબર પડશે કે હું આ વિચારી રહ્યો છું કે એણે આમ કરવું જોઈએ નહીં. જેવા આ પ્રકારના વિચાર આવે તો આપ સ્વયં કહો કે બસ કરો. મારે એક કલાકમાં આવું કંઈ વિચારવાનું નથી.

એક દિવસ માટે કોશિશ કરીને જુઓ કે આપણે બીજાઓ વિશે વધુ વિચારવાનું નથી. પછી આપ પોતાના વિચારોને જુઓ, પછી આપ એનાથી ઉત્પન્ન થનાર અનુભૂતિને ચેક કરો. એને નિશ્ચલતા કહેવામાં આવે છે. નિશ્ચલતા શું છે અને મૌન શું છે?

મૌન પણ બે પ્રકારનાં હોય છે. એક છે મનનું મૌન અને બીજું છે વાણીનું મૌન. મનના મૌનનો અર્થ એ નથી કે આપણે વિચારવાનું બંધ કરી દઈએ. કેટલાંયે ભાઈબહેનો મેડીટેશનના સમયે એ પ્રયાસ કરે છે કે વિચાર ઉત્પન્ન જ ના થાય જો કે વાસ્તવમાં આ સંભવ નથી. માત્ર સાક્ષી બનીને જુઓ, જેવા આપ આપના વિચારોને સાક્ષી બનીને જોશો, તો તેની ગતિ ઓછી થઈ જશે અને વિચારની કક્ષા સારી થઈ જશે.

॥ ઓમશાંતિ ॥ ॥

પ્રસન્નતાના પથ પર

સાક્ષી બનો, નિર્ણાયક નહીં

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

જ્યારે આપણે કોઈ નાટક યા ફીલ્મ જોઈએ છીએ તો દર્શકોની વચ્ચે બેસીને એ જોઈએ છીએ કે મંચ પર શું થઈ રહ્યું છે. એ રીતે જીવનની યાત્રામાં ચાલતાં વચ્ચે વચ્ચે દર્શક પણ બનવાનું છે. દર્શક શા માટે બનવાનું છે? કારણકે દર્શક બનવાથી આપણે મુક્ત રહીએ છીએ. જ્યારે આપણે મુક્ત થઈને જોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે આ નાટક જે સદાય ચાલતું જ રહે છે, તેમાં દરેક કલાકાર પોતાની ભૂમિકા નિભાવે છે. આપણે તેને નિર્ણાયક બનીને ના જોઈએ. આપણે જેવા નિર્ણાયક બનીએ છીએ તો એમ લાગે છે કે આપણે એ ભૂમિકા સાથે જોડાઈ જઈએ છીએ.

સાક્ષી બનીને બીજાઓની ભૂમિકા જોતાં જ્યારે આપણે અભિનય કરીએ છીએ તો તે રચનાત્મકતાથી ભરેલો હશે. કારણ કે તે વખતે આપણું મન સ્થિર હોય છે. એક અશાંત મનવાળો માનવ કદી પણ રચનાત્મક બની શકતો નથી.

સમજો કે હું અત્યારે સારા મૂડમાં છું. આપે એવું કંઈ કહ્યું કે મારું મન ઉદાસ થઈ ગયું. પછી હું કહું છું કે આતો સ્વાભાવિક છે. એમણે એવું કહ્યું કે હું નારાજ તો થઈ જાઉં એનો મતલબ એ છે કે મારી અંદર એ શક્તિ અને સમજ જ નથી. કે હું ભૂમિકા કઈ રીતે કરું. મારી ભૂમિકા આપની ભૂમિકા પર નિર્ભર થઈ ગઈ. આપ જેવી ભૂમિકા નિભાવશો પછી એ પ્રમાણે હું મારી ભૂમિકા અદા કરીશ. આખા દિવસમાં સ્વયંને જોઈએ કે પોતાની ભૂમિકાને રચનાત્મકતાથી કરી રહ્યા છીએ યા બીજાઓ પર નિર્ભર રહીએ છીએ. બીજાઓની ભૂમિકામાં આપણે એટલા સામેલ થઈ જઈએ છીએ કે એ સમયે આપણી ભૂમિકા જ ભૂલી જઈએ છીએ અને બીજાના રોલ પર નિર્ણાયક થવા લાગીએ છીએ.

દિવસમાં આપણે એક વાર કોશિશ કરીને જોઈએ તો આપણે કોઈનીય ભૂમિકાનો ફૈંસલો કરવાનો નથી, જેમકે એણે આમ કરવું જોઈએ, આમ ના કરવું જોઈએ વગેરે વગેરે. એક દિવસ ભારે લાગતો હોય તો એક કલાક માટે આમ કરીને જોઈ શકીએ છીએ.

આપે એક કલાકમાં અંતમાં ખબર પડશે કે આપણી ઘણી બધી ઉર્જા જે વ્યર્થ થઈ જતી હતી તે બચી ગઈ. જ્યારે આપણે નિર્ણાયક બનીએ છીએ તો આપણા વિચારની કક્ષા સકારાત્મક નથી રહેતી કારણ કે એ સમયે આપણે લોકોની કમી-કમજોરીઓ વધારે જોઈએ છીએ. એક એકની કમજોરી જોતાં જોતાં આપણા મનની હાલત કેવી થઈ જાય છે? તેથી વ્યવહારમાં સાક્ષી ભાવનો અભ્યાસ કરીને જોઈએ કે તેનાથી આપણને કયો ફાયદો થાય છે. એનાથી આપણી અંદર કેટલી શક્તિ ભરાય છે.

જ્યારે બીજાઓને જોવાનું બંધ કરી દીધું ત્યારે હું સ્વયંને જોવાનું ચાલુ કરું છું. કે મારા મનમાં શું ચાલી રહ્યું છે. કેટલાક લોકો કહે છે કે અમે અમારા વિચારોને જોઈ જ નથી શકતા. હું પૂછું

(અનુસંધાન પેજ નં. 06 પર)

અમૃતધારા

યોગયુક્ત સ્થિતિ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



મીઠા બાબાએ આપણું જીવન હીરા તુલ્ય બનાવવા માટે આપણા માટે કેટલા પ્રકારનાં સાધન બનાવ્યાં છે. આટલા મોટા સંગઠનમાં, શક્તિશાળી વાતાવરણમાં સ્વયંને જોઈને, મીઠા બાબાને જોઈને, સૌ પોતાના ચરિત્રને ઊંચું બનાવવામાં લાગ્યાં છે. આપણી ચલન (વ્યવહાર) અને ચહેરો અંદરની ધારણાને પ્રત્યક્ષ કરે છે. જેટલી યાદની શક્તિ હશે તેટલા રાજાઈ પદ મેળવવાના અધિકારી બનશે. અધિકારી બનવું છે તો તે માટે યોગબળ જોઈએ. સાચો યોગ કોને કહેવાય ? ચાલતાં ફરતાં કાર્યવ્યવહારમાં આવતાં પણ પોતાના ઉપર એટેન્શન (ધ્યાન) હશે તો યોગયુક્ત સ્થિતિ રહી શકે છે. જેઓ બાબા, મમ્માને અનુસરવા ઈચ્છે છે એમની યોગયુક્ત સ્થિતિ રહી શકે છે. જે હદોથી પાર રહેવા માટે અંદર ધ્યાન રાખે છે. એમની યોગયુક્ત સ્થિતિ રહી શકે છે. સ્વયંને પરચિંતનથી મુક્ત રાખો, આ આપણી જવાબદારી છે. જવાબદારી સ્વયંને બદલવા માટેનું સૌથી મોટું સાધન છે.

સમેટવાની અને સમાવવાની શક્તિ યોગયુક્ત બનવામાં ઘણી મદદ કરે છે. કારણ કે અંતિમ સમયે આપણી સ્થિતિ ઘણી ઊંચી રહે, બાબા જ સામે હોય, તો બાપ સમાન બનીશું. જ્યારે અભ્યાસ અને સાચા પુરુષાર્થ પર, સાચા દિલથી સેવામાં ધ્યાન આપ્યું હશે ત્યારે જ બાબા સામે આવશે. લાંબા સમયનો યોગ અર્થાત્ લાંબા સમયથી સાચા બાબા સાથે સાચા રહ્યાં હોઈએ. સાચા દિલથી સાહેબને સદા રાજી રાખેલા હોય ત્યારે અંતિમ સમયે બાબા સામે આવશે.

બાબા મારા ઉપર સદા રાજી રહે. જેમ બાબા કહે છે બાળકો નિયત (દાનત) સાફ, તો મુરાદ (સિદ્ધિ - ઈચ્છા) સાંપડે. બાબાની મદદ વગર તો આપણે મદદગાર બની શકતા નથી. હિંમત બાળકોની, મદદ બાબાની છે. હિંમતે બાળક, તો મદદે બાપ, સાચા દિલ પર સાહેબ (બાબા) રાજી. પછી કોઈ આપણાથી નારાજ ના થાય. બાબાને રાજી રાખવા છે, તો એકવાર જે ભૂલ થઈ હોય, તે બીજીવાર ના થાય. આપણો વ્યવહાર સાધારણ ના હોય. જો બહારના લોકો જેવો આપણો વ્યવહાર છે તો નામ પ્રસિદ્ધ કરવાને બદલે એનો પ્રભાવ લોકો ઉપર પડશે. પ્રભાવની વાત તો બાજુ પર રહી આપણું મન ડંખ્યા કરશે. માત્ર પોતાના પુરુષાર્થ માટે યા સેવા માટે જ સંકલ્પ છે તો સફળતા નહીં મળે. અનેકોના સહયોગથી સેવામાં સફળતા મળશે. સેવા તો બાબા કોઈને પ્રેરણા આપીને કરાવી લેશે. પોતાના પુરુષાર્થ માટે સંકલ્પ એટલા શુદ્ધ, શ્રેષ્ઠ હોય જેથી આપણા દરેક સંકલ્પ સાકાર થાય.

નિર્વિઘ્ન સ્થિતિ રહે તો આપણું દિલ સદા આરામમાં રહે. સાચા દિલથી સાચા બાપને યાદ કરો. દિલમાં કોઈપણ પ્રકારની દુ:ખદર્દની ફીલીંગ ના હોય. દુ:ખ આપનાર ભલે કોઈ દુ:ખ આપે પરંતુ આપણી અંદર પોતાને ઘણા શાંત અને પ્રેમવાળા બનાવો જેથી આપણા દિલમાં શાંતિ અને પ્રેમ હોય. કોઈના કોઈ સંસ્કાર છે જાણીએ છીએ,

તો કોઈ મોટી વાત નથી. એને મોટી બનાવીને ઉઠાવીને પોતાના દિલમાં લાવીને પોતાના દિલને ખરાબ ના કરો. એમાં બહુ ધ્યાન રાખવાનું છે. જ્યારે દિલ સાચું છે, સાફ છે, કોઈ ખટપટ નથી તો યોગ સારો લાગશે. કોઈ પ્રકારનું વ્યર્થ ચિંતન ના હોય.

હું બાબાની મદદ કહું, ઘણી મહેરબાની કહું, આટલી જવાબદારી હોવા છતાં એકદમ હળવા રહીએ છીએ કારણકે અમે અમારી જવાબદારી છે એવું સમજતા નથી. બાબા શા માટે છે? જેથી અમારી બુદ્ધિ હળવી રહે છે. હું સદા સ્વયંને સદા હળવી, ખુશ, નસીબવાન સમજું છું. આપણે ખુશ રહીશું તો સર્વ ખુશ રહેશે. આપણે જરા પણ કોઈ કારણથી ખુશ નહીં હોઈએ તો, કોઈ ખુશ નહીં હોય. પહેલાં ખુશ અને યોગયુક્ત રહેવાની કળા શીખવી જોઈએ. જેથી આપણે સાચા દિલથી સેવા કરીને સર્વને મદદ કરી શકીએ. થોડી પણ માન શાનની ઈચ્છા માથું ખરાબ કરી દે છે. અપમાન ઘણા દુ:ખી બનાવે છે. એનાથી સ્વયંને સદા મુક્ત રાખો. આપણા સંકલ્પ, આપણી વૃત્તિ, વાયબ્રેશન દૂરવાળાંને પહોંચે છે, તો નજીકવાળાં ને પણ પહોંચે છે. આપણે જેવા ટોનથી બોલીશું, તેવા ટોનથી તેઓ સાંભળશે. જેવા સંકલ્પ કરીશું, તેવા સંકલ્પ પહોંચશે. એથી જરૂર આપણે પોતાના સંકલ્પને શુદ્ધ, શાંત બનાવો તો કેટલો ફાયદો છે.

બાબા કહે છે વ્યર્થ સંકલ્પ ના હોય. તેનાથી પણ અજ્ઞાત બની જાઓ. દેવતાઓ તો તેનાથી અજ્ઞાત છે તો એમના માટે કોઈ મોટી વાત નથી. પણ અત્યારે આપણે શ્રેષ્ઠ બ્રાહ્મણ આત્માઓ, સાચા સેવાધારી આત્માઓ વ્યર્થથી અજ્ઞાત રહીએ. જે વ્યર્થ છે એની ઉત્પત્તિ બંધ કરીશું. વ્યર્થ સંકલ્પોની ઉત્પત્તિ થવાનું મુખ્ય કારણ છે દેહ અભિમાન. આપણે જરૂરી સમજીને સંકલ્પો કરીએ છીએ પણ તે જરૂરી નથી. વ્યર્થ વિચારનારાઓ પણ આવી વાતોમાં જોડાઈ જાય છે. જેઓ વ્યર્થ વિચારનારા નથી તેઓ આવી વાતોમાં જોડાશે નહીં. તેઓ કહેશે મને આ ધંધામાં કંઈ ખબર ના પડે. આ ખોટો ધંધો છે. આ ધંધો નુકસાન કરનારો છે. બાબા હમેશાં કહે છે કે સારો બીઝનેસમેન કદી નુકસાનવાળી વાત વિચારશે નહીં. આપણે બાબાનાં બાળકો રુહાની કમાણી કરીએ છીએ તો એમાં સૌનું ભલું સમાયેલું છે. કદી ગફલતથી પણ નુકસાનમાં જતા નથી. એટલે બાબા ધ્યાન ખેંચાવે છે કે રુહાની અભ્યાસ અને યોગમાં જરા પણ આળસ ના આવે. તે પણ નુકસાનકારક છે.

યોગ અને અભ્યાસ એ બ્રાહ્મણ જીવનની શોભા છે. ભલે ગમે તેટલું કામ હોય પરંતુ તે ચૂકી જવાય છે તો દિલ ડંખે છે. આપણો આત્મા ડંખે નહીં, કોઈ ભૂલ ના કરીએ ત્યારે યોગ સારો લાગે છે. જ્યારે આપણે સમજદાર, શાણા બનીશું ત્યારે યોગ લાગશે. આપણી બુદ્ધિને દિવ્ય બનાવવા બાબાએ આપણને સમજ આપી છે. મારી બુદ્ધિ સદા સતોગુણી હશે તો આત્મા રૂપી વાસણ સાફ હોવાને લીધે આપણી બુદ્ધિમાં સારી રીતે બેસી જશે. આપણામાં દિવ્યતા આવતી રહેશે. તેથી તો બાબા આપણને કહે છે કે બુદ્ધિ રૂપી માટલામાં જ્ઞાન રૂપી પાણી ભરેલું હશે, તો બીજાને પીવડાવી શકીશું. બુદ્ધિમાં જ્ઞાન ટકશે નહીં, તો બીજાને ક્યાંથી આપીશું ?

યાદમાં રહેવું એટલે દેહ અભિમાનને સમાપ્ત કરતા જવું. શાંત ચિત્ત રહેનારા નિશ્ચિંત રહે છે. જવાબદારી બાબા ઉપર છે. બાબા બધું ઠીક રાખેજ છે. આપણી જવાબદારી છે તો આપણે ઠીક રહેવાનું છે. કદી આપણી ચેતના એવું ના કહે કે મેં ખોટું કર્યું છે. આપણે સ્વયં, સ્વયંના જજ, વકીલ બનીએ. બીજાઓ માટે નહીં. આપણે શું કરવાનું છે ? આપણા બાપ, ટીચર, સદગુરુ સ્વયં

ધર્મરાજ છે. સતકર્મ અને સતરાજ્ય સ્થાપન કરવા માટે જે બાળકોને નિમિત્ત બનાવ્યાં છે. સ્થાપનામાં આપણે બાબાની સાથે છીએ. તો આપણા સંકલ્પ, વચન અને કર્મમાં એ દેખાય કે આ ખરેખર ઈશ્વરીય દરબાર છે. કેટલું સત્યતાનું રાજ્ય છે. આપણને ભાન હોવું જોઈએ કે આપણે સતયુગી રાજ્યમાં આવવા માટે અધિકારી છીએ. પોતાનામાં સતધર્મ છે તો રાજ્ય કારોબારમાં પણ સત્યતા છે. સુખ, શાંતિ, પવિત્રતા અને પ્રેમ પહેલાં પોતાની સ્થિતિમાં છે સાથે સાથે સૌની સાથે વ્યવહારમાં છે તો દિલ સાબિતી આપે છે કે બાબાની સાથે નંબરવારમાં આવી શકું છું. આપણે બાળકો જ બાપનો સાક્ષાત્કાર કરાવનાર છીએ.

બાબાએ કહ્યું કે અત્યારે પ્રારબ્ધનો અનુભવ કરો. સદા સુખ-શાંતિ, પ્રેમ-આનંદમાં રહેવું, અનુભવ કરવો અને બીજાઓને પણ કરાવવો. સૌને એવો અનુભવ કરાવો કે હમણાં પુરુષાર્થ કરો, હમણાં પ્રારબ્ધ મેળવો. ઘણી બધી મહેનતથી સ્વયંને મુકત કરો. બુદ્ધિને ભટકવામાંથી મુક્ત કરો. જે કરે છે તે સારું જ કરે છે આપણા વિચારવાથી કહેવાથી ફરક પડશે શું ? જે થવાનું છે તે થઈને જ રહેવાનું છે. ઘણા શાંત, શુદ્ધ રહીને, સાચું વિચારીશું તો આપણે કહીશું તે કોઈ પણ માનશે. કોઈપણ વાત હોય, આપણામાં સમાવવાની એવી શક્તિ હોય જેનો જરા પણ પ્રભાવ ના પડે. જો ઈફેક્ટ Effect (પ્રભાવ) પડે છે. તો મને ડીફેક્ટ Defect (નુકસાન) થશે. આપણે તો સદા સંપૂર્ણ બનવાનું ધ્યાન રાખીએ છીએ. અત્યારે નહીં બનીશું, તો ક્યારે બનીશું. એમાં જરા પણ સુસ્તી ના હોય. સુસ્તી કેટલાયે પ્રકારનું નુકસાન કરે છે. સુસ્તી યોગયુક્ત રહેવા દેતી નથી. મુરલી ક્લાસની કદર રહેતી નથી. સેવામાં તે ઘણાં બહાનાં કરાવે છે.

તમે યોગી બનો. યોગથી સર્વ એની મેળે ઠીક બની જશે. દુ:ખ સુખ, હાર-જીતમાં સમાન બનો. જે પણ દૃશ્ય સામે આવી રહ્યું છે. તેમાં સમાનતામાં રહો. આપણો યોગ કોની સાથે છે ? જ્યારે સર્વશક્તિવાનની સાથે યોગ છે તો તે શક્તિ મારી પાસે હોય. સામનો કરવાનો યા બદલો લેવાનો ખ્યાલ ના આવે. પણ એમાં સમાન રહું. હું શાંત રહું તો બુદ્ધિવાનોની બુદ્ધિ બાબા એની મેળે જ બધુ ઠીક કરી દેશે. તે એમનું કામ છે. સ્વધર્મમાં ટકો. માથું પડે પણ ધર્મ ના છૂટે. આ સ્વધર્મ શક્તિ આપનાર છે. દરેકને અનુભવ થશે કે ગહન શાંતિમાં રહો, તો એટલો સમય શક્તિશાળી સ્થિતિનો અનુભવ થશે. જ્યારે શાંતિમાં રહેતાં નથી ત્યારે નબળાઈનો અનુભવ થાય છે.

મમ્મા કહેતાં શક્તિ એકઠી કરવામાં કેટલી મહેનત કરો છો, જ્યારે ફાલતુ ખર્ચ કરવાથી ઉદાસ, નબળા બની જાઓ છો. યોગમાં રહીને આપણે શાંતિની શક્તિ જમા કરીએ. બાબાનાં બાળકો તો સ્મરણ યોગ્ય છે. બીજું ગાયન યોગ્ય છે. ત્રીજા પૂજનીય યોગ્ય છે. જેના કદમમાં પદ્મ હશે એની પૂજા થશે. જેમણે અનેકોને કમાણી કરાવી હશે. ખુશ રહો અને ખુશી વહેંચો. કઈ રીતે વહેંચશો. વૃત્તિ અને વાયબ્રેશનથી. એવો ક્વોલિટીનો પુરુષાર્થ કરો. જ્ઞાન યોગની પાંખો મજબૂત હોય. જ્ઞાન છે સ્મરણ કરવા માટે. યોગ છે શક્તિ મેળવવા માટે. જેનાથી પાંખો મજબૂત બની જાય છે. ઉત્સાહમાં રહો અને ઉત્સાહ અપાવો. જે સ્વયં ઉડે છે તે બીજાને ઉત્સાહ અપાવી શકે છે.

॥ ઓમશાંતિ ॥

- **જો તમે એકલા જ છો તો તમારી કોઈ કિંમત નથી. પરંતુ તમારી સાથે પ્રેમ, મધુરતા, સહકારની ભાવના છે તો તમે કીંમતી છો.**

દીપાવલી - જ્ઞાન રોશનીનું મહા પર્વ

બ્ર.કુ. ગાયત્રીબેન, કોલાબા, મુંબઈ

દર વર્ષે આસો મહિનાની અમાસે દીપાવલીનું મહાપર્વ મનાવવામાં આવે છે. ભારતમાં આ પર્વથી નૂતન વર્ષનો શુભારંભ થાય છે. સર્વ પર્વોમાં દીવાળી મહાન પર્વ ગણાય છે. દીપાવલી પર ભારતભરમાં ઘેર ઘેર પ્રકાશના દીપક ઝગમગી ઉઠે છે. લોકો ફટાકડા ફોડી આનંદ મનાવે છે, ઘરની સફાઈ કરે છે, શરીરનો મેલ ઉતારે છે. અને ધનની દેવી લક્ષ્મીની પૂજા કરે છે. વેપારીઓ વર્ષના હિસાબનું લેણદેણનું સરવૈયું કાઢી નવા ચોપડાનું શુભ મુહૂર્ત કરે છે. લોકો પરસ્પર એકબીજાને ઘેર જઈ હળેમળે છે તથા મીઠાઈથી મ્હોં મીઠું કરાવે છે. શ્રદ્ધાથી દેવ દર્શને જાય છે. આબાલવૃદ્ધ સૌ હર્ષ ઉલ્લાસથી પાંચ દિવસ ધનતેરશ, કાળી ચૌદશ, દીવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજના તહેવારોની ઉજવણી કરે છે.

દીપાવલી પર્વનું સાચું આધ્યાત્મિક રહસ્ય શું છે તે જાણવું અત્યંત જરૂરી છે, જેથી તેની સાચી ઉજવણી કરી શકાય. દીવાળીના તહેવારનો પ્રારંભ ક્યારે કેવી રીતે થયો ? આ બાબતમાં કેટલીક પૌરાણિક કથાઓ પ્રચલિત છે. એક કથા મુજબ પ્રાચીન કાળમાં એક સમયે નરકાસુર નામના રાક્ષસે સમગ્ર સૃષ્ટિ પર પોતાનું આધિપત્ય જમાવી કાળો કેર વર્તાવ્યો હતો. ત્યારે ભગવાને નરકાસુરનો નાશ કરી સૃષ્ટિને તેના ભયમાંથી મુક્ત કરી અને દેવતાઓને બંધનમાંથી છોડાવ્યા હતા. તેથી દીવાળીના આગલા દિવસની રાત્રિને કાળી ચૌદશને 'નરક ચતુર્દશી' તરીકે મનાવવામાં આવે છે. જેને નાની દીવાળી પણ કહે છે. પછીનો અમાવસ્યાનો દિન 'મોટી દીવાળી' કહેવાય છે.

બીજી કથા મુજબ રાક્ષસોના રાજા બલિરાજાએ પૃથ્વી પર પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું. આસુરીપણું સર્વત્ર ફેલાવી દીધું હતું. ધર્મપરાયણતાને નષ્ટ કરી દીધી હતી, શ્રીલક્ષ્મી તથા અન્ય દેવોને જેલના બંદી બનાવ્યા હતા ત્યારે ભગવાને તેના પર વિજય મેળવી મનુષ્યો તથા દેવોને યાતનાઓમાંથી છોડાવ્યા હતા. તેથી આ પ્રસંગને અનુલક્ષીને લોકો દીપાવલીની રાત્રિએ અંધકાર રૂપી આસુરીપણાના નાશ માટે પ્રકાશ ફેલાવવા દીપક પ્રગટાવે છે. અને લક્ષ્મીનું આહવાન કરે છે. ત્રીજી દંતકથા મુજબ શ્રીરામે રાવણનો વધ કરીને અયોધ્યામાં પ્રવેશ કર્યો ત્યારે લોકોએ વિજયના આનંદમાં દીપ પ્રગટાવીને આ દિવસની ઉજવણી કરેલી.

આ વૃત્તાંતોને રૂપક દ્વારા વર્ણવેલ છે. એક વ્યક્તિ દ્વારા બધા દેવતાઓ તથા સૃષ્ટિને બંદી બનાવવાનું કાર્ય અસંભવિત છે. આ પર્વનું આધ્યાત્મિક રહસ્ય સમજવા જેવું છે. જ્ઞાનચક્ષુથી જોતાં નરકાસુરએ માયા અર્થાત વિકારોનું પ્રતીક છે. રાવણ અર્થાત્ રડાવનાર. રાવણના દશાનનના દશ શીશ એ પાંચ વિકાર પુરુષના અને પાંચ વિકાર સ્ત્રીના દર્શાવેલ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર એ પાંચ મુખ્ય વિકારોને ગીતામાં નર્કના દ્વાર કહ્યા છે. હાલ સૃષ્ટિ વિકારગ્રસ્ત નર્ક બની ગયેલ છે. આ વિકારો જીતવામાં બળવાન હોવાથી બલિની ઉપમા આપી છે. સૃષ્ટિ ચક્રમાં કલિયુગના અંતના સમયમાં હરેક નર-નારીના મન ઉપર વિકારો રૂપી નરકાસુરનું રાજ્ય ચાલે છે. પરિણામે લોકો ત્રાહિમામ પોકારે છે. આવા ધર્મગ્લાનિના સમયે પરમ જ્યોતિ પરમાત્મા જ્યોતિર્લિંગમ્ શિવ અવતરિત થઈને આત્માઓને ઈશ્વરીય જ્ઞાન

આપી વિકારો રૂપી નરકાસુર અર્થાત આસુરીવૃતિનો અંત લાવી, સૌને બંધનમુક્ત કરે છે. અને પછી સતયુગનો પ્રારંભ થતાં નવા સૃષ્ટિચક્રના શુભારંભ સમયે સૃષ્ટિ પર શ્રીલક્ષ્મી અને શ્રી નારાયણનું સામ્રાજ્ય શરૂ થાય છે. આસુરીવૃત્તિવાળા કલિયુગનો અંત પછી દૈવીવૃત્તિવાળા સતયુગનો પ્રારંભ થાય છે, જેની ખુશાલીમાં દીપાવલીનું પર્વ ઉજવવામાં આવે છે. કેટલાક લોકોના મતે રાવણ પર રામના વિજયનો તથા મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના રામરાજ્યના પ્રારંભનો આ સ્મરણોત્સવ છે. આસુરી શક્તિ પર ઈશ્વરીય શક્તિના વિજયનું તથા અજ્ઞાન રૂપી અંધકાર પર જ્ઞાન રૂપી રોશનીના વિજયની યાદગારનું આ મહાપર્વ છે.

આ પર્વ પર લોકો પોતાના ઘરના અંધકારને દૂર કરવા દીપ પ્રગટાવે છે તથા રોશની કરે છે. તેનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે મનના અંદરના અંધકારના મેલને મીટાવવા આધ્યાત્મિક જ્ઞાન રૂપી દીપક પ્રગટાવી અંતર્મનને જાગૃત કરવું જોઈએ. ભગવાનને પણ પ્રાર્થના કરીએ છીએ કે 'तमसो मा ज्योतिर्गमय.' હે પ્રભુ, અમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જા. પ્રાર્થનામાં ગવાય છે કે 'ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા.'

શ્રી લક્ષ્મીજીને કમળના પુષ્પ પર બિરાજેલા દર્શાવવામાં આવે છે. આપણા ઘરગૃહસ્થને કમળના ફૂલની જેમ પવિત્ર બનાવવાથી અંતરની જ્યોતિ જાગે છે, અને શ્રી લક્ષ્મીજીનો પ્રવેશ થાય છે. પરિણામે સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ જીવનમાં આવે છે. વેરભાવ છોડી પ્રેમભાવ રાખવો.

દીપાવલીના પર્વ પર લોકો શરીરની અને ઘરની સફાઈ કરે છે. સ્થૂલ બાહ્ય સફાઈની સાથે આત્માની આંતરિક સફાઈ અતિ જરૂરી છે. મનનો મેલ જે પાંચ વિકારોને લીધે ચઢેલો છે, તે કાઢવા માટે યોગનો અગ્નિ પ્રગટાવવો જોઈએ. ઘરની સફાઈની સાથે મનમંદિરની સફાઈ કરવા રાજયોગનો અભ્યાસ આવશ્યક છે. યોગને અગ્નિ કહેવામાં આવે છે, જે વિકારોને તથા પાપોને બાળે છે, દગ્ધ કરે છે. અને આત્મા શુદ્ધ પાવન બને છે. આ પર્વ પવિત્ર બનવાનું તથા યોગાભ્યાસ કરવાનું સૂચવે છે.

વેપારીઓ દીપાવલી પર હિસાબ-કિતાબનું જૂનું ખાતું બંધ કરી નવું ખાતું ખોલે છે. આ રિવાજ કોની યાદગાર છે ? ભોલેનાથ શિવપિતા સાથે વેપારનો સોદો કરવાવાળા આધ્યાત્મિક સાધકો દ્વારા આસુરી અવગુણોનું ખાતું બંધ કરી દૈવી ગુણોની લેણદેણનુ ખાતું ખોલવાની યાદગાર છે. આમ મનનો મેલ કાઢી, વિકારો પર વિજય મેળવી, અજ્ઞાન અંધકારને દૂર કરી આત્મજ્ઞાનનો દીપ પ્રગટાવી દીપાવલીનું પર્વ મનાવવું જોઈએ. આત્મામાં ઈશ્વરીય જ્ઞાનનો દીપ જગાવ્યા વિના દીવાળી મનાવવી નિરર્થક છે.

॥ ઓમશાંતિ ॥

- **વર્તમાન સમયે સંકલ્પની હલચલ પણ મોટી ગણવામાં આવશે. પહેલાંનાં સમયમાં સંકલ્પને હળવાશમાં લેતા હતા. વાચા કર્મણામાં ધ્યાન રાખતા હતા. પરંતુ હવે મનસામાં પણ હલચલ ના હોય. કારણ કે અંતમાં છે જ મનસા સેવા દ્વારા વિશ્વ પરિવર્તન. અત્યારે તો મનસાનો એક સંકલ્પ પણ નકામો ગયો તો સમજો ઘણું બધું ગુમાવ્યું. એક સંકલ્પને પણ સાધારણ ના સમજશો. એટલું ધ્યાન રાખો તો સંકલ્પમાં જ પૂર્ણવિરામ જોઈએ. મનસા પર ધ્યાન રહે તેને કહેવાય છે ચઢતી કલા.**

જીવનમાં આત્મિક શક્તિ કઈ રીતે પ્રાપ્ત થાય?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

મનુષ્ય માટે તન અને ધનની શક્તિ જરૂરી છે તે તો સૌ માને છે. પરંતુ વાસ્તવમાં જોવામાં આવે તો આ બંને શક્તિઓ કરતાં વિશેષ આવશ્યકતા આત્મિક શક્તિની છે. કારણકે શક્તિહીન અને નિર્બળ આત્મા કામ, ક્રોધ, નિંદા-દ્વેષ વગેરેનાં પંજામાં ફસાઈને સદા દુ:ખી રહે છે. જીવનમાં મનુષ્યની સમક્ષ જ્યારે ઉગ્ર પરિસ્થિતિઓ આવે છે તો તે વખતે આત્મા વિચલિત, ઉત્તેજિત અને માયાથી પ્રભાવિત ન થાય પણ માયાની આંધીઓ અને તોફાનોનો સામનો કરતાં શાંતિ અને આનંદમાં મગ્ન રહે, એ માટે આત્મિકશક્તિની ઘણી જરૂર છે. પરંતુ પ્રશ્ન એ છે કે 'આધ્યાત્મિક શક્તિ શું છે અને જીવનમાં આધ્યાત્મિક શક્તિની પ્રાપ્તિ કયા પુરુષાર્થથી થઈ શકે છે?

આધ્યાત્મિક શક્તિ કઈ શક્તિનું નામ છે?

આધ્યાત્મિક શક્તિઓમાં સૌથી પહેલી શક્તિ જ્ઞાનની શક્તિ છે. એને જ વિવેકશક્તિ (પાવર ઓફ જજમેન્ટ) પણ કહેવાય છે. જ્ઞાનથી મનુષ્યમાં આત્મવિશ્વાસ પેદા થાય છે. તે પોતાના સામર્થ્યને સમજી શકે છે અને એનામાં કાર્ય કરવાની સૂઝ યા ક્ષમતા આવે છે. એટલે એ ઉક્તિ પ્રસિદ્ધિ છે કે 'જ્ઞાન જ શક્તિ છે.' (નોલેજ ઈઝ માઈટ). એ સિવાય યોગની શક્તિ, પવિત્રતા શક્તિ અને ધર્મ અર્થાત્ ધારણાની શક્તિ પણ આધ્યાત્મિક શક્તિમાં આવે છે. આજ મનુષ્ય ભક્ત, પૂજારી, પંડિત અથવા વિદ્વાન તો છે પરંતુ એનો આત્મા નિર્બળ છે. તે અભિમાન, ક્રોધ, લોભ, કામ આદિ કોઈને કોઈ વિકારથી અવશ્ય પ્રભાવિત છે. આજે લોકોમાં વિજ્ઞાનશક્તિ તો છે પરંતુ સહનશક્તિ નથી. આ રીતે આજે મનુષ્યમાં ગ્રહણશક્તિ તો છે પરંતુ જ્ઞાનશક્તિ નથી. આજે લોકો ભણેલા ગણેલા તો છે પરંતુ એમનામાં 'જ્ઞાન' અથવા સદ્બુદ્ધિ નથી. જો એનામાં યથાર્થ જ્ઞાન હોય તો જીવન ઘણું ઉચ્ચ, શાંતિમય, સદ્ગુણયુક્ત અને પવિત્ર હશે.

આધ્યાત્મિકશક્તિ શેમાંથી મળે?

ઉપર આપણે જે આધ્યાત્મિક શક્તિઓનું વર્ણન કર્યું છે તે સૌ સર્વશક્તિવાન પરમપિતા પરમાત્મા દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે, અન્ય કોઈ પાસેથી નહીં. જેવી રીતે વીજળીની શક્તિ પાવરહાઉસથી જ મળી શકે છે. કોઈ દુકાનથી નહીં. એ રીતે આત્મિકશક્તિ પણ પરમાત્મા પાસેથી જ મળી શકે છે, કોઈ જગતગુરુ પાસેથી નહીં. એક પરમાત્માને જ જ્ઞાનસાગર, સદ્બુદ્ધિદાતા અથવા સર્વજ્ઞ કહેવામાં આવે છે. તેથી જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાનના ભંડાર પરમપિતા દ્વારા જ થઈ શકે છે. પરમાત્માને યોગેશ્વર પણ કહેવામાં આવે છે. તેથી યોગની શક્તિ પણ એમની પાસેથી જ પ્રાપ્ત થાય છે. આ રીતે પરમાત્માને જ પતિતપાવન અથવા પરમપવિત્ર પણ કહેવામાં આવે છે. એટલે એમની પાસેથી જ પવિત્રતાની શક્તિ પણ મળે છે. ધર્મની સ્થાપનાનું કાર્ય પણ પરમપિતા પરમાત્માનું જ છે. તેથી ધારણા અથવા ધારણાની શક્તિ પણ એમની પાસેથી જ મળી શકે છે. ધર્મના માર્ગ ઉપર ચાલવા માટે પણ મનુષ્યમાં શક્તિ હોવી જરૂરી છે. કારણ કે આ પથમાં અનેક

મુશ્કેલીઓ તથા વિઘ્ન આવે છે. મનુષ્યને તે શક્તિ અથવા સહારો ન મળે તો મનુષ્ય જ્ઞાન, યોગ, પવિત્રતા અથવા ધર્મના માર્ગ પર આગળ વધી શકતો નથી. તેની ધારણા દૃઢ અથવા પાક્કી બની શકતી નથી.

જ્ઞાનથી શક્તિ કઈ રીતે મળે છે?

હવે પ્રશ્ન ઉઠે છે કે ઉપર જે કહેવામાં આવ્યું છે કે જ્ઞાનથી મનુષ્યને શક્તિ મળે છે, આ કઈ રીતે માની શકાય? જ્ઞાન મનુષ્યને વ્યવહારકુશળ અને કર્મ કરવામાં સમર્થ કઈ રીતે બનાવે છે? જ્ઞાનથી મનુષ્યમાં સહનશક્તિ કઈ રીતે આવે છે અને તે કઈ રીતે આસક્તિ અને આકર્ષણથી પ્રભાવિત થતો નથી? આ વાતને સ્પષ્ટ કરવા માટે આપણે જ્ઞાનના કેટલાક સિદ્ધાંતોનું વર્ણન કરીને એને જીવનમાં અમલી બનાવીને જોઈએ છીએ કે આ સિદ્ધાંતોથી કઈ રીતે મનુષ્યમાં સાહસ, સહનશક્તિ અને કાર્યક્ષમતા આવે છે.

આપણને ઈશ્વરીય જ્ઞાન દ્વારા એ માલૂમ થાય છે કે (૧) આપણે સર્વશક્તિવાન પરમપિતા પરમાત્માનું સંતાન છીએ. (૨) હવે કલિયુગી ધર્મભ્રષ્ટ અને આસુરી સંપ્રદાયોનો મહાવિનાશ એટમ અને હાઈડ્રોજન બૉંબ તથા ગૃહયુદ્ધો ઈત્યાદિ દ્વારા થવાનો છે. (૩) આપણો વર્તમાન જન્મ સૃષ્ટિચક્રમાં અંતિમ જન્મ છે. (૪) આપણી સામે જે વિઘ્ન અને કષ્ટ આવે છે, તે આપણા કર્મોનું ફળ છે. જેને કેટલાક સહન કરીને અને કેટલાંક યોગ દ્વારા હવે સમાપ્ત કરવાં જોઈએ. (૫) એના પછી તો સદા સુખના દિવસો (સતયુગ) આવવાના છે. હવે આપણે (૬) પવિત્ર બનવું જોઈએ અને ઈશ્વર સાથે પ્રીતિ જોડવી જોઈએ જેથી આપણું ભવિષ્ય ઉજ્જવળ બની જાય. નહીંતર આ દુનિયા તો દુ:ખદાયી છે. તો આ તથા અન્ય આ પ્રકારના સિદ્ધાંતોથી સ્વાભાવિક રીતે જ મનુષ્યમાં સહનશક્તિ આવે છે. એના મનમાં એ વિચાર આવે છે કે - ‘આસુરી દુનિયામાં હવે તો મારું અંતિમ જીવન છે અને વિનાશમાં થોડો જ સમય બચ્યો છે પછીથી તો મને તંગ કરે તેવું કર્મ પણ રહેશે નહીં, અને દુ:ખ આપનાર વ્યક્તિ પણ નહીં રહે. તેથી અત્યારે પવિત્રતા માટે, પ્રભુના પ્રેમને માટે તથા ભાવિ ઉચ્ચ સુખ માટે મારે સહન કરવું જ જોઈએ. આપણે સર્વશક્તિવાન પરમાત્માનાં સંતાન થઈને પણ શું વિકારો પર વિજય પણ પ્રાપ્ત ન કરી શકીએ? શું આપણામાં એટલી પણ સહનશક્તિ નથી?’ જ્યારે આવું જ્ઞાનમંથન આપણે કરીએ છીએ ત્યારે આપણામાં સાહસ, કાર્યક્ષમતા અને સહનશક્તિ આવી જાય છે. આપણે તનનાં કષ્ટ અને ધનના અભાવના દિવસોને પણ ખુશી ખુશીથી પસાર કરી લઈએ છીએ અને ઘર બહાર કલહ-કલેશ કરનારી વ્યક્તિઓ સાથે પણ સંબંધ નિભાવી શકીએ છીએ.

આ રીતે જ્ઞાનથી આપણને એ પણ નિશ્ચય થાય છે કે આપણે સૌ આત્માઓ છીએ. શરીર તો પાંચ તત્ત્વોનું પૂતળું છે અને આ કલિયુગી શરીર તો વિષય વિકારોથી ઉત્પન્ન થયેલ તથા તમોપ્રધાન તત્ત્વોનું બનેલું છે અને એક દિવસ મુઠ્ઠીભર રાખ થઈ જવાનું છે. આપણને એ પણ નિશ્ચય થાય છે કે આપણે સર્વ આત્માઓ સૂર્ય તથા તારાગણથી પણ પાર દેશ ‘પરમધામ’ અથવા બ્રહ્મલોકથી જ આ સૃષ્ટિમંચ પણ આવ્યા છીએ અને વાસ્તવમાં આપણે સર્વ ભાઈ-ભાઈ છીએ અને નિકટ ભવિષ્યમાં સર્વ કાંઈ છોડીને, સૃષ્ટિના મહાવિનાશ પછી આપણે પાછા ફરવાના છીએ. આ તથા જ્ઞાનના આવા આવા અન્ય સિદ્ધાંતોથી દેહ અને પદાર્થોનું આકર્ષણ આપણા ઉપર પ્રભાવ પાડશે નહીં અને એમાં આપણી આસક્તિ રહેશે

નહીં. આ રીતે જ્ઞાનથી મનુષ્યાત્મામાં ઈન્દ્રિયોનું નિયંત્રણ રાખવાની, કર્તવ્ય - અકર્તવ્યનો વિચાર કરીને અકર્તવ્યથી અલગ રહેવાની અને કર્તવ્યને સારી રીતે કરવાની. પોતાના જીવનને ધર્મના માર્ગ પર ચલાવવાની સૂઝ અને શક્તિ પ્રાપ્ત થાય છે.

યોગથી શક્તિ કઈ રીતે પ્રાપ્ત થાય છે?

જ્યારે આપણે શરીરથી ન્યારા થઈને સર્વશક્તિવાન પરમાત્મા સાથે સંબંધ જોડીએ છીએ તો જે રીતે વીજળીના કનેક્શનથી કરંટ આવે છે, તે રીતે જ આપણને પણ શક્તિનો અનુભવ થાય છે અથવા કરંટ આવે છે. તેથી યોગનો લાઈટ (પ્રકાશ અને હળવાશ) અને માઈટ (શક્તિ) કહેવામાં આવે છે. આમ તો જ્ઞાનને પણ લાઈટ-માઈટ કહેવામાં આવે છે. જ્ઞાનને લાઈટ (પ્રકાશ) અને માઈટ (શક્તિ) એ અર્થમાં કહે છે કે જેમ પ્રકાશથી માર્ગ સારી રીતે દેખાય છે તે રીતે જ્ઞાનથી પણ પુરુષાર્થનો માર્ગ સ્પષ્ટ થાય છે અને એનાથી સહન કરવાની પણ શક્તિ આવી છે. યોગને ‘લાઈટ અને માઈટ’ એ અર્થમાં કહેવામાં આવે છે કે એનાથી આત્માનું કનેક્શન પરમાત્મા સાથે થાય છે તે દ્વારા પ્રકાશ અને શક્તિ પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી મનુષ્યને ‘યુક્તિ’ (ઉપાય) રૂપી શક્તિ મળે છે. યોગથી તો મનુષ્ય પરમાત્મા સાથે જોડાઈ જાય છે અને તે કારણે એને મુક્તિ - જીવનમુક્તિની શક્તિ મળે છે. જ્ઞાનથી તો મનુષ્ય પરિસ્થિતિ, પુરુષો અને પુરુષાર્થને સારી રીતે હેન્ડલ કરી શકે છે. એમની સાથે કર્તવ્ય સારી રીતે કરી શકે છે પરંતુ યોગથી મનુષ્ય સ્વયંને વિદેહી અનુભવ કરીને લાઈટ (પ્રકાશ સ્વરૂપ અને હળવો) અનુભવ કરે છે. એને કર્મોનો બોજ અનુભવાતો નથી. એને પોતાના પાછલા સંસ્કાર અથવા સંકલ્પ ખેંચતા નથી પરંતુ એનાથી મુક્તિ મેળવવાની શક્તિ અથવા સ્થિતિ પ્રાપ્ત કરી લે છે.

પવિત્રથાથી શક્તિ કઈ રીતે આવે છે?

જે વ્યક્તિ સરલચિત્ત અને પવિત્ર હોય છે. એનો પ્રભાવ અવશ્ય પડે છે. દા.ત. શ્રી લક્ષ્મી નારાયણ આદિ દેવી-દેવતા જોકે આજે સાકારરૂપમાં આ ભૂમંડળ પર નથી છતાં પણ આજ સુધી પણ તેમનો પ્રભાવ ચાલ્યો આવે છે. આજ સુધી લોકો એમની જડમૂર્તિઓ સામે જઈને મસ્તક ઝુકાવે છે કારણ કે તે દેવતા પવિત્ર હતા. અપવિત્ર મનુષ્ય પૂજ્ય બનતો નથી.

અપવિત્ર મનુષ્ય મુંઝવણમાં રહે છે. તે હંમેશા એમ વિચારે છે કે શું કરું, શું ના કરું અને કરું તો કઈ રીતે કરું? તે પોતાનાં અપવિત્ર કર્મોને લીધે ભય અને પીડામાં જ રહે છે. એને એ વાતની ચિંતા રહે કે તે પકડાઈ ન જાય. પવિત્ર મનુષ્ય સદા એકરસ, અડોલ, નિશ્ચિંત અને અભય સ્થિતિમાં રહે છે. અપવિત્ર મનુષ્યની શક્તિ કદી કામભોગમાં અને કદી ક્રોધની અગ્નિમાં નષ્ટ થતી રહે છે. પરંતુ પવિત્ર મનુષ્યની શક્તિ ક્ષીણ થતી નથી પણ એની આધ્યાત્મિક શક્તિ દિવસે દિવસે વધે છે. તે બીજાઓને પણ સાવધાન કરી શક્તિશાળી બનાવવાની સેવામાં જોડાય છે. કામવાસનાના ભોગમાં અને ક્રોધની જ્વાળામાં નષ્ટ હોવા ઉપરાંત, અપવિત્ર મનુષ્યની શક્તિ લોભ અને ભ્રષ્ટાચારના પરિણામ સ્વરૂપ ભયથી પણ ક્ષીણ થતી રહે છે અને કેટલીક તો લોભ દ્વારા એકઠા કરેલા વિષયપદાર્થો ભોગવવામાં જ વ્યર્થ બની જાય છે. આ રીતે મોહથી પણ મનુષ્યની વિવેકશક્તિ નષ્ટ થઈ જાય છે. એટલે જ વ્યક્તિ મોહવશ યોગ્ય નિર્ણય કરી શકતો નથી ત્યારે લોકો એને કહે છે કે ‘એને તો મોહનો પાટો બાંધેલો છે.’ અહંકારી મનુષ્ય વિશે પણ લોકો કહે છે કે ‘આને તો ઊંધો નશો ચડેલો છે.’ અહંકારીનો તો સર્વનાશ થઈ જાય છે. તો એ સ્પષ્ટ છે કે

અપવિત્રતાના પરિણામ સ્વરૂપે છે કે અપવિત્રતાના પરિણામ સ્વરૂપે મનુષ્યની શારીરિક, માનસિક અને આત્મિક સર્વ શક્તિઓ નષ્ટ થઈ જાય છે.

પવિત્રતામાં ઘણી બધી શક્તિ સમાયેલી છે. દા.ત. ક્રોધના વિરુદ્ધના ગુણ પ્રેમ અને નમ્રતા પર જ વિચાર કરો. પ્રેમ અને નમ્રતાની શક્તિથી મનુષ્ય દુશ્મનને પણ વશમાં કરી લે છે. એ રીતે કામવાસનાના ભોગથી તો મનુષ્ય દુર્બળ થાય છે. પરંતુ બ્રહ્મચર્ય રૂપી પવિત્રતાની શક્તિથી તે સંસારને ઝુકાવી શકે છે. કાળને પણ વશ કરી લે છે. પરમાત્મા પરમપવિત્ર છે. પ્રેમના સાગર છે. એટલે સમગ્ર દુનિયા એમને યાદ કરે છે અને મનુષ્ય સર્વસ્વ ન્યોછાવર કરવા માટે તૈયાર રહે છે. પરંતુ ક્રોધી મનુષ્યથી તો સૌ દૂર જ ભાગે છે. પ્રેમમાં કેટલી આકર્ષણશક્તિ છે. પ્રેમમાં કોઈ દોરો નથી હોતો આમ છતાં પ્રેમના અદૃશ્ય તાંતણાથી બંધાયેલા મનુષ્યને કોઈ છોડાવી શકતું નથી. આપ જુઓ છો કે સર્કસમાં સિંહને એનો માસ્ટર હન્ટર પણ મારે છતાંયે એ સિંહ એને કંઈ પણ કરતો નથી. કારણ કે માસ્ટરે એને પ્રેમથી પાળેલો હોય છે એ રીતે જંગલમાં શ્રેષ્ઠ મહાત્માઓની પાસે સિંહ અને બકરી પણ આવીને એકઠાં બેસી જાય છે. કારણ કે તે પવિત્રતાની શક્તિને વશ થઈ જાય છે. તેથી એ સ્પષ્ટ છે કે ક્રોધની શક્તિથી પ્રેમની શક્તિ વધારે ઊંચી છે કારણ કે ક્રોધની શક્તિ નાશ કરનારી શક્તિ છે. જ્યારે પ્રેમની શક્તિ સર્જન કરવાની શક્તિ છે. એ નિયમ છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ સારી છે. દા.ત. કોઈ મકાનને ધ્વસ્ત કરવા માટે ઓછી શક્તિની જરૂર પડે છે પરંતુ એનું સર્જન કરવામાં વધારે શક્તિની જરૂર પડે છે.

આ રીતે શાંતિની શક્તિ પણ ક્રોધની શક્તિથી મહાન હોય છે. આપ જોશો કે ક્રોધ કરવો સહજ છે પણ શાંતિમાં રહેવું મુશ્કેલ છે. તો એ સ્પષ્ટ છે કે શાંતિ માટે વધારે શક્તિની જરૂર છે. જો દસ મનુષ્ય ક્રોધ કરી રહ્યા હોય અને એક મનુષ્ય પૂર્ણ રીતે શાંત હોય તો દસને પણ શાંત કરી શકે છે. છેવટે એની શાંતિનો એમના ઉપર પ્રભાવ પડે છે. ક્રોધ નબળા માણસમાં આવે છે જેમ કે બીમાર મનુષ્યમાં ચીડિયાપણું તથા આવેશ જલદી આવી જાય છે. તો સિદ્ધ છે કે પવિત્રતાથી, બ્રહ્મચર્યથી, સહનશીલતાથી અને શાંતિથી મનુષ્યાત્માની આત્મિકશક્તિ વધે છે.

ઉપર એ સિદ્ધ કરવામાં આવ્યું છે કે કામ અને ક્રોધ રૂપી અપવિત્રતાથી શક્તિનો નાશ અને બ્રહ્મચર્ય, શુદ્ધપ્રેમ તથા શાંતિરૂપી પવિત્રતાથી શક્તિમાં વૃદ્ધિ થાય છે એ રીતે આપ જોશો કે લોભમાં નિર્બળતા સમાયેલી છે અને સંતોષમાં શક્તિ, જે તૃષ્ણાને વશ છે તે મનુષ્ય જ લોભ કરે છે. તે ઈચ્છાનો દાસ, આસક્તિયુક્ત અર્થાત્ પરવશ હોય છે. તેથી એ સ્પષ્ટ છે કે લોભી નિર્બળ હોય છે. જે ચીજ એની સામે પડેલી ન હોય તો પણ એ ચીજ મેળવવા માટે તે વિચલિત અને આકુળ-વ્યાકુળ બની જાય છે. પરંતુ જેનામાં સંતોષરૂપી પવિત્રતા છે તે ચીજને જોવા છતાં પણ એનાથી આકર્ષિત થતો નથી. પણ આત્માના સ્વરૂપમાં સ્થિત થઈને સ્વયંને વસ્તુથી મહાન માનીને સુખપૂર્વક રહે છે.

અન્ય વિકારોની જેમ મોહ અને અહંકારથી પણ મનુષ્યમાં દુર્બળતા આવે છે. એટલે જે મનુષ્યમાં મોહ હોય છે તે કહે છે કે - 'મેં અમુક કાર્ય મોહવશ થઈને કહ્યું.' અને જ્યારે કોઈમાં અહંકાર આવે છે તો કહેવાય છે કે આ તો અભિમાનને વશ થઈ ગયો છે. એનાથી વિરુદ્ધ અનાસક્તિ, ઉપરામતા, સાક્ષીભાવ અને નમ્રતારૂપી પવિત્રતામાં જ શક્તિ છે. જેનાથી

મનુષ્ય મોહ અને અહંકારથી મુક્ત થઈને સુખની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

ધર્મથી જીવનમાં શક્તિ કઈ રીતે મળે છે?

ધર્મમાં એ શક્તિ છે કે તેનાથી મનુષ્ય નિયમ અને શિસ્તમાં રહે છે. તે કાયદા કાનૂનને તોડતો નથી. પણ મર્યાદાનું પાલન કરવામાં સમર્થ હોય છે અને સ્વયંથી સદા સંતુષ્ટ રહે છે. નિયમ ભંગ નહીં કરવાને કારણે તેને કોઈનો ડર રહેતો નથી. એના સંકલ્પમાં દૃઢતા અને સન્માર્ગ ઉપર ચાલવાની શક્તિ મળે છે.

દા.ત. ખાનપાન વિશે જ વિચાર કરીએ. અધર્મી મનુષ્ય શરાબ, માંસ, બીડી-સિગારેટ વગેરે ખાય છે, પીએ છે. પરંતુ ધર્મમાં નિષ્ઠા રાખનાર મનુષ્યમાં અશુદ્ધિની સામે લડવાની અને પ્રલોભનો તથા ખાદ્યપદાર્થો સામે અચલ અને સ્થિર રહેવાની ક્ષમતા આવે છે. ધર્મનો અંકુશ એની લાઠી બની જાય છે જેનો સહારો લઈને તે પોતાના પથ પર અડગ રહે છે. ધર્મ એને કહે છે કે - 'આ આસુરી આહાર છે પરંતુ તમે તો પરમ પવિત્ર પરમાત્માનાં દેવતુલ્ય સંતાન છો અથવા બની શકો છો અને તમારું આ શરીર એક દેવાલય અથવા મંદિર છે જેને અશુદ્ધ વસ્તુ ખવડાવી ઉચિત નથી.'

જો મનુષ્યના મનમાં કામાદિ વાસનાઓ જાગૃત થાય અથવા ક્રોધાન્વિત અને લોભાન્વિત કરનારી પરિસ્થિતિઓ પણ આવે તો ધર્મ તેને કાબુમાં રાખે છે. એ વિચારે છે કે વિકારોને વશીભૂત થઈને આચરણ કરવાથી ઈશ્વરના દરબારમાં એને સજા મળશે. એ સૌ ઉપર વિજય ઉપર વિજય મેળવવાથી ઉત્તમ પ્રાપ્તિઓ થશે, તેથી ધર્મની શક્તિને લીધે તે શક્તિશાળી દૂષિત સંકલ્પોને પણ જીતી લે છે. શું આ ઓછી શક્તિ છે? જોવામાં આવે તો આ એક ઘણી મહાન શક્તિ છે કારણ કે સંકલ્પની શક્તિ ઘણી શક્તિશાળી હોય છે અને એના ઉપર વિજય મેળવનારી શક્તિ તો એનાથી ઉચ્ચ જ હોય છે.

આપ જોશો કે સરકારની સમગ્ર શક્તિ પણ દેશ અથવા સંસારમાં નિયમ અને શિસ્ત સદાયે રાખી શકતી નથી. તો મનુષ્યોની શું વાત કરવી? જડ તત્ત્વો પણ શું ઉત્પાત મચાવતાં નથી? તેથી જો મનુષ્ય સંપૂર્ણ સુખ અને શાંતિ ઈચ્છે છે તો તેણે ઈશ્વરીય જ્ઞાન, ઈશ્વરીય યોગ, ઈશ્વરીય પવિત્રતા અને ઈશ્વર દ્વારા બતાવેલ ધર્મથી જીવનમાં આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરે.

॥ ઓમશાંતિ ॥

- **જે સર્વમાં સંપન્ન હોય છે એની આંખ તથા બુદ્ધિ અન્ય કોઈ તરફ જશે નહીં. તેઓ સદા રુહાની નજરમાં રહે છે. અનેક વ્યર્થ સંકલ્પો તથા અનેક તરફ બુદ્ધિ તથા દૃષ્ટિ જવા દેતા નથી. સર્વ ચિંતાઓથી મુક્ત હોય છે. તેઓ બાપ દ્વારા મળેલા જ્ઞાન ખજાનાઓમાં જ વ્યસ્ત રહે છે. એમને બીજા કોઈ સંકલ્પ કરવાની ફુરસદ જ રહેતી નથી. કારણ કે તેઓ બાપ દ્વારા મળેલા ખજાનાઓને સ્વયં માટે તથા સર્વ આત્માઓને વહેંચવામાં જ ઘણા વ્યસ્ત રહે છે સૌથી મોટામાં મોટો ધંધો, દાન યા સૌથી મોટું પુણ્ય આજ છે. એટલા શ્રેષ્ઠ કાર્ય તથા શ્રેષ્ઠ દાનપુણ્યને છોડીને બીજું શું કરીશું ? શું ફુરસદ મળે છે ? આટલા મોટા કાર્યમાં વ્યસ્ત રહેનાર વ્યર્થ સંકલ્પોના ખેલમાં સમય ના ગુમાવે.**

જીવન શું છે. (What is Life?)

બ્ર.કુ. બ્ર.કુ. મધુબેન, બાંટવા,

જીવન એક યાત્રા છે. (Life is Journey)

જન્મથી લઈ મૃત્યુ સુધીની યાત્રા એટલે જીવન કોઈ વ્યક્તિ યાત્રા કરવા જતા હોય તો ખુશી-ખુશીથી જાય છે અને ખુશી-ખુશીથી એન્જોય કરી પાછા આવે છે. તો આપણે પણ આ જીવન યાત્રાને ખુશી-ખુશી પૂરી કરવાની છે. જીવન યાત્રામાં ઘણા ઉતરાવ ચડાવ આવે છે. સુખ-દુઃખ, હાનિ-લાભ, જય-પરાજય, જન્મ-મૃત્યુ આ બધુ તો જીવનની ઘટમાળ છે. ચાલતુ રહે છે પરંતુ...

જેમ નાવ પાણીમાં ચાલતી જતી હોય છે તો કોઈ ભય નથી પરંતુ પાણી નાવમાં જો આવી જાય તો નાવ ડુબી જાય છે. તો તેને કોઈ બચાવી શકતું નથી. એજ રીતે આ જીવન યાત્રામાં આ સ્થૂળ બાહ્ય જગતની ચિંતા વ્યથા વેદના દુઃખ મનમાં અને દિલમાં ભરાય જાય તો જીવન યાત્રાનો આનંદ નહીં આવે ખુશી નહીં આવે આપણી જીવન યાત્રા ઉદાસી અને નિરાશાના અંધકારમાં ડુબી જશે.

જીવન એક રંગમંચ છે. (Life is Stage)

વિલયન સેક્સ પિયરે કહ્યું છે. જીવન એક રંગમંચ છે. આપણે આ સૃષ્ટિ રંગમંચના એક કલાકાર છીએ. પરમધામ, શાંતિધામ, નિર્વાણધામથી ઉતરી આવ્યા છીએ, જેવી રીતે દુનિયામાં ત્રણ કલાકનું એક નાટક હોય છે. નાટકની અંદર દરેક પાર્ટધારી એક્ટરનું લક્ષ હોય છે કે હું એટલો સુંદર પાર્ટ પ્લે કરું જો લોકો મારો પાર્ટ જોઈને ખુશ થાય. તાલીઓના ગડગડાટ કરે, વન્સમોર કરે, તો આપણે એટલો સુંદર પાર્ટ ભજવીએ. જો લોકો આપણા જીવનને આપણા પાર્ટને જોઈ ખુશ થાય, દુઆઓ આપે, આશીર્વાદ આપે અને આપણા જીવનથી પ્રેરણા લે એવું પ્રેરણાદાયી જીવન હોય આપણા વિચારો શુભ અને શ્રેષ્ઠ હોય આપણા કર્મ શ્રેષ્ઠ હોય.

જીવન એક ખેલ છે. (Life is Game)

જેમ નાના નાના બાળકો બોલથી રમતા હોય છે. એક બાળક બોલ ફેકે છે બીજો સામે બાળક એને પાછો ધક્કો મારી ફેકે છે. એવી રીતે ખેલ કરતા હોય છે. એવી રીતે આપણા જીવનમાં નાની મોટી સમસ્યાઓ આવે છે. પરંતુ એમને ભગાડવાની છે હિંમતથી સામનો કરીને સદા એ યાદ રાખીએ સર્વ શક્તિવાન પરમાત્મા શિવ મારી સાથે છે. પરમાત્માની યાદની શક્તિથી શિવ પરમાત્મા અસંભવને સંભવ કરી શકે છે. માટે ડરવાનું નથી જીવનમાં ઉમંગ ઉત્સાહ રાખીને આગળ વધવાનું છે. કોઈએ કહ્યું છે.

આપ ઉડ સકતે હો તો ઉડો,
ઉડ નહીં સકતે હો તો દોડો,
યદી દોડ નહી શકતે હો તો ચલો,
યદી ચલ નહીં સકતે હો તો
રોગતે હુએ ચલો,
લેકિન હંમેશા આગે બઢતે રહો,
અપની આત્મ ઉન્નતિ કરતે રહો.

જીવનની ઉતરાવ ચડાવની લહેરોને જોઈને ડરી જઈશું તો જીવનમાં કાંઈ જ નહીં કરી શકીએ. હંમેશાા એ વાત યાદ રાખીએ કોશિશ કરવા વાળાની ક્યારેય હાર નથી થતી જીવનમાં શુભ અને સકારાત્મક વિચારો સાથે કર્મ કરવાથી સદા સફળતા પ્રાપ્ત થાય છે.

જીવન એક પ્રભુ ઉપહાર છે.

(Life is Gift of God)

જીવન પ્રભુ તરફથી મળેલ એક અનુપમ ભેટ, સૌગાદ છે. એ સ્વીકાર કરી આ જીવનનો લાભ ઉઠાવવાનો છે. પરમાત્માએ આપણને સુંદર શ્રેષ્ઠ મોકો આપ્યો છે. મનુષ્યમાંથી દેવતા બનવાનો, પ્રભુ પ્રાપ્તિનો ખૂબ સુંદર મોકો છે. પરમાત્મા પાસેથી જે પ્રાપ્ત કરવું હોય તે કરી શકો છો આ મોકાનો લાભ ઉઠાવીએ સંસારની મોહ-માયામાં રચ્યા-પચ્યાં રહી જીવનનો અમૂલ્ય સમય વેસ્ટ ન કરીએ.

પરમાત્મા શિવને યાદ કરી કરીને આપણા જન્મ-જન્મના પાપોને નષ્ટ કરીએ. આ આંખોથી જે કાંઈ જોઈએ છીએ બધુ જ વિનાશી અને પરિવર્તનશીલ છે. કાયમ કાંઈ જ રહેવાનું નથી. અહીથી લીધું છે અહી જ મૂકી જવાનું છે. માટે સાચા ત્યાગી-વૈરાગી બની પરમાત્મા શિવને યાદ કરીએ.

જીવન બે તારીખોમાં સંકળાયેલું છે. (Life between Birthdate & End Death Date)

જીવન બે તારીખોમાં સંકળાયેલું છે. એક જન્મ તારીખ બીજી મૃત્યુની તારીખ ફિક્સ છે. પરંતુ આપણને મૃત્યુની તારીખની ખબર નથી. પરંતુ મૃત્યુ બાદ આપણો મુસ્કુરાતો ચહેરાવાળો ફોટો એક દીવાલ પર ટાંગી દેવામાં આવે છે. એટલે જીવનમાં સદા મુસ્કુરાતા રહો આપણે જીવનમાં જેવું લોકોને આપ્યું છે. એવું આપણને મળે છે. માટે ખુશ રહીએ અને ખુશી આપીએ, આપણે કોઈને ખુશી નથી આપી તો આપણને ખુશી નહીં મળે.

સુખ આપીશું, સુખ મળશે. દુ:ખ આપીશું, દુ:ખ મળશે. પ્રેમ આપીશું, પ્રેમ મળશે. નફરત આપીશું, નફરત મળશે. દુઆ આપીશું, દુઆ મળશે. બદદુઆ આપીશું, બદદુઆઓ મળશે. એ જીવનની ઘટમાળ છે. જેવું કર્મ તેવું ફળ મળે છે. એટલે આપણે જીવનમાં કોઈને મનથી વાણીથી કર્મથી દુ:ખ ન આપીએ.

જીવન એક ફિલ્મ છે. (Life is Film)

આપણા જીવનમાં જે આપણે કર્મ કર્યા છે તે સુટિંગ થઈ જાય છે. આપણા આત્મામાં પ્રિન્ટ પડે છે. તે શુટીંગ પ્રિન્ટ જીવનની અંતિમ પળોમાં એક ફિલ્મની જેમ આપણી આંખો સામે આવતા રહેશે, માટે આપણા જીવનની ફિલ્મ ખૂબ સરસ હોય જો આપણને એ ફિલ્મ જોતા આનંદ આવે અને ખુશીથી આ સંસારમાંથી વિદાય લઈએ.

॥ ઓમશાંતિ ॥

- **સંકલ્પની શક્તિ, વાણીની શક્તિ કરતાં વધુ સૂક્ષ્મ હોવાના કારણે તે અતિ તીવ્ર ગતિથી ચાલે છે અને પહોંચે પણ છે. રુહરિહાનની ભાષાજ સંકલ્પની ભાષા છે. વિજ્ઞાનવાળા અવાજને કેચ કરે છે પરંતુ સંકલ્પને કેચ કરવા માટે સૂક્ષ્મ સાધન જોઈએ. બાપદાદા દરેક બ્રહ્માવત્સના સંકલ્પની ભાષા સદા સાંભળે છે. તે માટે બુદ્ધિ અતિસૂક્ષ્મ, સ્વચ્છ અને સ્પષ્ટ જરૂરી છે. ત્યારે જ પરમાત્મા બાપ સાથેની રુહરિહાનનો પ્રતિભાવ મેળવી શકશો.**
- **માસ્ટર સર્વશક્તિમાનની નિશાની છે કે સંકલ્પ અને કર્મ બંને સમાન હશે. એવું ના હોય કે સંકલ્પ ઘણા શ્રેષ્ઠ હોય અને કર્મ કરવામાં તે શ્રેષ્ઠ સંકલ્પ સાકાર ન કરી શકો. એને માસ્ટરસર્વ શક્તિમાન ન કહેવાય.**

દિવ્યદર્શન

દિવાળીનું આધ્યાત્મિક મહાત્મ્ય

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ભારતીય સંસ્કૃતિનો સનાતન સંસ્કાર છે - ઉત્સવધર્મિતા. માટે જ ભારતમાં ઉજવાતા પ્રત્યેક પર્વોની દરેક વ્યક્તિ પ્રતિ વર્ષ ખૂબ જ ભક્તિભાવ અને ધામધૂમથી તે ઉત્સવોને ઉજવે છે. વિક્રમ સંવત પ્રમાણે વર્ષનો અંતિમ મહિનો એટલે કે આસો માસની અમાસ. આપણે સૌ અગિયારસ, વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતુ વર્ષ (નૂતન વર્ષાભિનંદન), ભાઈબીજ તથા લાભપાંચમ એમ સાત થી દસ દિવસ સુધી દિવાળી પર્વ તરીકે ઉજવીએ છીએ. દિવાળીને શ્રી લક્ષ્મી દેવીનો તહેવાર પણ માનવામાં આવે છે.

સામાન્ય ભાષામાં શ્રી લક્ષ્મીનો અર્થ થાય છે - ધન અથવા પૈસો. તેથી જ દિવાળીના શુભદિવસોમાં અને શુભમુહૂર્તમાં વેપારીઓ પોતાના જૂના ચોપડાનો હિસાબ-કિતાબ પૂરો કરી, નવા વર્ષથી નવા ચોપડાનો આંરભ કરી નવો હિસાબ લખવાનું મુરત કરે છે. કારણ કે તેની પાછળ એવી માન્યતા પ્રવર્તે છે કે, ધનની દેવી શ્રી લક્ષ્મી આ દિવસો દરમિયાન રાત્રિના સમયે ભ્રમણ કરે છે અને સૌને પોતાના વરદાન, ધન્ય-ધ્યાનથી ભરપૂર કરી દે છે. પરંતુ ક્યારેય આ બિંદુઓ ઉપર શું આપણે કોઈ વિચાર કર્યો છે ખરો? કે શ્રી લક્ષ્મીના સ્વાગત માટે દર વર્ષે આપણે દીવડાઓ પ્રગટાવીએ છીએ, ખૂણે-ખાંચરેથી આખા ઘરની સાફસૂફી કરીએ છીએ, તેમ છતાં ભારતમાં હજી સુધી આટલી બધી ગરીબી અને દુઃખ-દર્દ શા માટે છે? આજે દરેક ઘરમાં ઝગમગતા દીવડાઓને પ્રગટેલા જોઈને પણ શ્રી લક્ષ્મીદેવી કયા કારણોસર આપણાથી નારાજ છે? ઝગમગતા દીવડાઓં કેમ શ્રી લક્ષ્મી દેવીને આકર્ષિત કરતાં નથી? ખરેખર તેઓ ક્યાં દીવડાને પ્રગટાવવા માંગે છે? તેઓ કયા પ્રકારના દીવાની આશા રાખે છે? વાસ્તવમાં જોવા જઈએ તો આપણો આત્મા તે જ સાચો દીપક છે. જેને આપણે આત્મદીપ પણ કહીએ છીએ. પરંતુ હું આજે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા પાંચ વિકારોને વશીભૂત થઇ જવાને કારણે આજે આપણો આત્મદીપનો પ્રકાશ પુંજ ઝાંખો પડી ગયો છે. હવે, આવા વિકારી મનુષ્યો વચ્ચે શ્રી લક્ષ્મી દેવીનું શુભ આગમન કેવી રીતે શક્ય બને? આ તો કેવી મૂર્ખતા છે? કે મનુષ્ય સ્વયંનો અંતર આત્માનો દીપ પ્રગટાવીને શ્રી લક્ષ્મીનું આવાહન કરવાના બદલે, તે કાચી માટીના કોડિયામાં દિવડા પ્રગટાવીને બાળકો જેવી રમત રમી રહ્યાં છે. આજે પોતાના મનરૂપી મંદિરની સફાઈ કરવાના બદલે, આપણે માત્ર આપણા ઘરની સ્થૂળ સાફ-સફાઈ કરીને ખુશ થતા રહીએ છીએ. તેથી જ તો માં લક્ષ્મી દેવી આજે આપણાથી નારાજ થઈ ગયા છે.

આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો પાવન, સતોપ્રધાન સૃષ્ટિની સ્થાપના માટે જ્યારે પતિત પાવન પરમાત્માએ આ સૃષ્ટિ ઉપર અવતરિત થાય છે, ત્યારે તેઓ પ્રત્યેક જીવાત્માને સંદેશ આપે છે કે, તમે તમારા પોતાના આ જૂના, મેલા, વિકારી, પતિત તન, મન, ધન, જન, સમય, શ્વાસ, સંકલ્પ બધું ઈશ્વરીય સેવા અર્થ અર્પણ કરશો તો તમને ૨૧ જન્મો માટે કંચન કાયા, સતોપ્રધાન મન અને અખૂટ ધન સંપત્તિની પ્રાપ્તિ અવશ્ય થશે. ધન્ય છે એ નર-નારી કે તેઓ

ઈશ્વરના આદેશ પર પોતાના જીવનને પરિવર્તન કરે છે. દિવાળી પર્વ સાથે જોડાયેલા આવા અનેક આધ્યાત્મિક રહસ્યોને ન સમજવાને કારણે આજે મનુષ્ય માત્ર એક સામાજિક ઉત્સવના રૂપમાં જ દિવાળીને ઉજવે છે. એટલે જ દિવાળીનો તહેવાર મહાન આધ્યાત્મિક ઉન્નતિથી ઘણો જોજનો દૂર રહી જાય છે.

જો તમે આ વર્ષે કંઇક અભિન્ન રીતે દિવાળી ઉજવવા માંગતા હોવ, તો ભલે માટીના કોડીયામાં જરૂર દીપક પ્રગટાવો, પરંતુ તેની સાથે-સાથે સ્વયંની અને અન્ય આત્માઓની પણ આત્મજ્યોતિ પ્રગટાવવાનો પવિત્ર દ્રઢ સંકલ્પ અવશ્ય કરો. જો બીજા કોઈ વ્યક્તિની પ્રત્યે તમારા મનના કોઇ ખૂણે-ખાંચરે પણ થોડી-ઘણી ઈર્ષા, અદેખાઈ, દ્વેષ કે નફરત જેવી લાગણીઓ હશે, તો તે તમને અને બીજાને પણ ભયભીત કરતી હોય છે. તો આવી લાગણીઓને પરમાત્મા મહાજ્યોતિ પાસે અર્પણ કરી દો, સ્વાહા કરી દો. દીપાવલીમાં કરોડ રૂપિયાની આતશબાજીની આગમાં રૂપિયા વેડફવાને બદલે આપણે કમ સે કમ કોઈ અનાથ, ગરીબ, લાચાર કે જરૂરિયાતમંદના જીવનમાં જ્ઞાન, ઉમંગ-ઉત્સાહ અને ખુશીઓનો દીપ પ્રગટાવી, આપણી ખુશીમાંથી થોડીઘણી ખુશીઓનો લાભ તેમને પણ જરૂર આપીએ.

યાદ રાખજો કે, જ્યારે એ આત્માની જ્યોતિ પ્રગટશે, આતમદીપ ઝળહળી ઉઠશે ત્યારે નર્કની સંસારરૂપી નરકાસુરની અર્થી બળશે. રાવણનો વિનાશ થશે મનમાં અંત, નહીં રહે જ્યારે કોઈની અંદર કોઈના પ્રત્યે ઈર્ષા, નફરત, વેર-ઝેરને તિરસ્કારની ભાવના, જ્યારે બનશે સૌ સાચા સંત શિરોમણી, ત્યારે થશે ઘર-ઘરમાં ખુશી, અને ઉજવાશે ઉમળકાભેર ઝગમગ- ઝગમગ સાચી દિવાળી.

તો અંધકારને શા માટે તિરસ્કૃત કરીએ? એના કરતાં તો આવો આપણે સૌ જ્ઞાનદીપ જરૂર પ્રગટાવી અંધકારને આપીએ સદા તિલાંજલી.

॥ ઓમશાંતિ ॥

- **હવે દરેકે અનુભવીમૂર્ત બનીને, કોઈને કોઈ અનુભવ કરાવવાની આવશ્યકતા છે. બાબા હવે ઈચ્છે છે કે આપ સૌનો ચહેરો વ્યવહાર એવાં સ્પષ્ટ જણાય કે આ મુક્તિદાતાનાં બાળકો, મુક્તિ આપનારાં છે. આપના મસ્તક દ્વારા ચમકતા તારાનો અનુભવ થાય. કારણ કે અનુભવ નજીક લાવે છે. આ અનુભવ ચહેરા અને વ્યવહારથી બતાવો. વિજ્ઞાનનાં સાધનો અનુભવ કરાવે છે ને? અત્યારે ગરમીની ઋતુ છે તો ગરમીમાં ઠંડીનો અનુભવ કરાવે છે ને? જ્યારે વિજ્ઞાનનાં સાધન અનુભવી બનાવે છે તો શું સાયલેન્સ પાવર (શાંતિની શક્તિ)નો અનુભવ કરાવી ના શકો? હવે બાપદાદા બ્રહ્માવાત્સો પાસે એ ઈચ્છે છે કે અનુભવની સ્થિતિમાં સ્થિત રહીને નયનોથી, મસ્તકથી કોઈને કોઈ શક્તિનો અનુભવ કરાવો. સાંભળેલી વાતો સાંભળવામાં સારી લાગે છે પણ કોઈ સમસ્યા આવે છે ત્યારે ભુલાઈ જાય છે પરંતુ અનુભવ જીવનભર ભુલાતો નથી.**
- **આપ શાંતિની શક્તિ દ્વારા પરિવર્તન શક્તિને કાર્યમાં જોડો છો. નકારાત્મકને હકારાત્મકમાં પરિવર્તિત કરી દો છો. માયા ગમે તેટલી સમસ્યાના રૂપમાં આવે છે પરંતુ પરિવર્તન શક્તિથી, શાંતિની શક્તિથી સમસ્યાને સમાધાન સ્વરૂપ બનાવી દો છો. કારણને નિવારણમાં બદલી દો છો.**

યોગાભ્યાસ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારો

બ્ર.કુ. પ્રફુલચંદ્ર શાહ, નડિયાદ

આજે વિશ્વના મોટાભાગના દેશોમાં કોરોના વાયરસ ફેલાઈ ચૂક્યો છે. આ મહામારીથી લાખોની સંખ્યામાં લોકો સંક્રમિત થયા છે અને હજારોની સંખ્યામાં લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે. કોરોના વાયરસની કોઈ દવા કે રસી હજી શોધાઈ નથી. આ ક્ષેત્રમાં તજજ્ઞો તેના માટે પૂરા પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ ક્યારે શોધાય તે કહી શકાય નહી. આ અંધકારમય પરિસ્થિતિમાં આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિમાં જો કોઈ રીતે વધારો થઈ શકે તો કોરોના વાઈરસથી આપણે બચી શકીએ તેમ છીએ તેમ આ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે. આપણા શરીરમાં કુદરતે મૂકેલું આ રોગપ્રતિકારક તંત્ર (Immune System) જો સશક્ત હશે તો તે કોઈપણ પ્રકારના વાયરસની સામે લડત આપી તેને ખતમ કરી શકશે અને આપણું શરીર સુરક્ષિત રહેશે. કોરોના વાયરસથી સંક્રમિત ઘણા બધા લોકો ખૂબ સરળતાથી કોઈ વિશેષ સારવાર વગર સારા થઈ ગયાના અનેક દાખલાઓ છે. તદ્ઉપરાંત જે લોકો મૃત્યુ પામ્યા છે તેઓ મોટાભાગે મોટી ઉંમરના તેમજ ડાયાબિટીસ, હૃદયરોગ કે બ્લડ પ્રેશર જેવા રોગોથી ગ્રસ્ત હતા. જેમની સામાન્ય રીતે રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ ઓછી થઈ ગયેલી હોય છે.

આયુર્વેદ જગતનું સૌથી પ્રાચીન તબીબી વિજ્ઞાન છે. તે સમયના આયુર્વેદાચાર્યોએ પણ વ્યાધિક્ષમત્વની વાત કરેલી છે. વ્યાધિક્ષમત્વ અર્થાત વ્યાધિનો પ્રતિકાર કરવાની ક્ષમતા. આ વ્યાધિક્ષમત્વને વધારવા માટે તેમજ તેને જાળવી રાખવા માટે તેઓએ અનેક ઉપાય બતાવ્યા છે. જેમાં સંયમ-નિયમવાળી જીવન શૈલી. સંતુલિત આહાર શૈલી, નિયમિત વ્યાયામ જેવા પરિબળો વ્યાધિક્ષમત્વ જાળવી રાખવામાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવામાં ધ્યાન યોગનું તેમજ સકારાત્મક ચિંતનનું એટલું જ મહત્ત્વ બતાવ્યું છે. આપણી રોગ પ્રતિકારક શક્તિને આપણા અર્ધજાગૃત મનની અવસ્થા સાથે સીધો સંબંધ છે. જો આપણું અર્ધજાગૃત મન સશક્ત તેમજ સકારાત્મક હશે તો આપણું વ્યાધિક્ષમત્વ પણ સશક્ત હશે. જો આપણું અર્ધજાગૃત મન દૂષિત તેમજ નકારાત્મક હશે તો આપણું રોગ પ્રતિકારક તંત્ર પણ નબળું હશે અને આપણે અનેક પ્રકારના સંક્રમણ રોગોના ભોગ બનીશું. એટલે જો આપણે સકારાત્મક વિચારો અને સકારાત્મક જીવનશૈલીને અપનાવી યોગાભ્યાસ દ્વારા આપણા અર્ધજાગૃત મનને પ્રભાવિત કરી તેનું સશક્તિકરણ કરીશું તો આપણું વ્યાધિક્ષમત્વ ખૂબ જ વધી જશે અને કોરોના જેવા અનેક વાયરસને મારી હટાવવાની ક્ષમતા આપણે પ્રાપ્ત કરી શકીશું. નીચે પ્રમાણેનો યોગાભ્યાસ દિવસમાં જો ત્રણ ચાર વખત પાંચ-દસ મિનિટ માટે કરીશું તો જરૂર આપણે આપણી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરી કોરોના વાયરસથી પોતાને બચાવી શકીશું.

યોગાભ્યાસ - એકાંતમાં શરીરને શિથિલ કરી આરામદાયક અવસ્થામાં બેસો અને તમારા શ્વાસની ગતિને ધીમી કરી ઉંડા ઉંડા શ્વાસ લો. તમારું ધ્યાન શ્વાસ પર કેન્દ્રિત કરો અને અંદર જતાં શ્વાસની ઠંડક અને બહાર નીકળતા ઉચ્છવાસની ગરમાહટનો તમારી નાસિકાની

અંદરની દીવાલ પર અનુભવ કરવાનો પ્રયાસ કરો. આ અનુભવ થાય તો માની લો કે તમારું મન શાંત, સ્થિર અને એકાગ્ર થઈ ગયું છે. મેડિકલ સાયન્સની દ્રષ્ટિએ આ તમારી આલ્ફા અવસ્થા હશે જે તમારા અર્ધજાગૃત મનને પ્રભાવિત કરવા જરૂરી છે. ત્યારબાદ ભૃકુટિમાં ધ્યાન કેન્દ્રિત કરી આત્મિકભાવમાં સ્થિત થવા માટે નીચે પ્રમાણે સ્વસૂચનો સ્વયંને આપો.

'પાંચ તત્ત્વોના બનેલા આ નાશવંત શરીરથી ભિન્ન હું એક અતિ સૂક્ષ્મ જ્યોતિબિંદુ સ્વરૂપ આત્મા છું... હું અજર, અમર, અવિનાશી છું. હું એક શુદ્ધ પવિત્ર આત્મા છું... મારી ચારે તરફ પવિત્રતાનો પ્રકાશ ફેલાયેલો છે.' આ સ્વમાનમાં પોતાને સ્થિત કરી સંકલ્પ કરો કે 'હું સર્વ શક્તિમાન પરમાત્માનું સંતાન માસ્ટર સર્વ શક્તિમાન છું.' ધીરે ધીરે પોતાના મનને ઈશ્વરની સમીપ લઈ જાઓ અને મનોચિત્રણ સાથે સંકલ્પ કરો કે - જેમ હું આત્મા જ્યોતિ સ્વરૂપ પ્રકાશ પુંજ છું તે જ પ્રમાણે મારો પારલૌકિક પિતા પરમાત્મા પણ જ્યોતિ સ્વરૂપ પ્રકાશનો પુંજ છે... અનંત પ્રકાશમય, દિવ્ય તેજોમય છે... પરમપિતા પરમાત્મામાંથી સર્વ શક્તિઓના પ્રખર કિરણો ચારે તરફ ફેલાઈ રહ્યા છે... તેમાંથી કેટલાક કિરણો મુજ આત્મામાં સમાઈ રહ્યા છે... ધીરે ધીરે હું આત્મા સશક્ત થતો જાઉં છું... મારું મન શાંત થઈ રહ્યું છે... ઈશ્વરના આ દિવ્ય સ્વરૂપમાં મારું મન એકાગ્ર થઈ રહ્યું છે.. અને હું આત્મા પરમાત્માની શક્તિઓની છત્રછાયામાં પોતાની સંપૂર્ણ સલામતીનો અનુભવ કરી રહ્યો છું... પરમાત્માની શક્તિઓનાં ઉર્જાના કિરણો મારા શરીરના રોમ રોમમાં પ્રવાહિત થઈ રહ્યા છે... મારા શરીરનું દરેક અંગ સ્વસ્થ તેમજ સશક્ત છે... તેમજ દરેક પ્રણાલીઓ સુચારું રૂપે કાર્યરત છે... ખાસ કરીને મારા રોગ પ્રતિકારક તંત્ર (Immune System)નું સશક્તિકરણ થઈ રહ્યું છે... મારું વ્યાધિક્ષમત્વ વધી રહ્યું છે... હવે હું કોઈ પણ પ્રકારના વાયરસના પ્રભાવથી મુક્ત રહેવાની ક્ષમતા ધરાવું છું...

પરમાત્માના શક્તિ કિરણો મારામાં સમાવતા રહી, વિશ્વના ગોળા પર સ્થિત થઈ, હું આ કિરણોને વિશ્વમાં ચારે તરફ પ્રવાહિત કરી રહ્યો છું... સંસારના બધા જ આત્માઓ આ શક્તિ કિરણોને પ્રાપ્ત કરી રહ્યા છે અને તેઓનું પણ સશક્તિકરણ થઈ રહ્યું છે... દરેક આત્મા આ મહામારી પર વિજય મેળવી રહ્યો છે... ધીરે ધીરે સમગ્ર વિશ્વ આ વાયરસના પ્રભાવથી મુક્ત થઈ રહ્યું છે... જેટલી ત્વરાથી આ મહામારી આવી તેટલી જ ત્વરાથી તે જઈ રહી છે... અને મારા સહિત બધા જ આત્માઓને, પરમાત્મા શક્તિની છત્રછાયામાં, સલામતીનો અનુભવ થઈ રહ્યો છે.

॥ ઓમશાંતિ ॥

- **જે રીતે સાંભળવાનું સહજ લાગે છે એ રીતે સાંભળવાથી મુક્ત બનીને સ્વીટ સાઈલેન્સ (મીઠી શાંતિ)ની સ્થિતિમાં જ્યારે ઈચ્છો, જેટલા સમય માટે ઈચ્છો એટલા માલિકપણાની સીટ ઉપર બેસી જાઓ. પહેલાં વિશેષ મનના માલિક બનો. એટલા માટે કહેવામાં આવે છે કે મન જીતે, જગતજીત. આત્મા સમ બનીને, મન, બુદ્ધિ, સંસ્કારનું નિયંત્રણ કરી શકો છો? મન, બુદ્ધિ, સંસ્કાર ત્રણેના માલિક બનીને ઓર્ડર કરો સ્વીટ સાયલેન્સ. અનુભવ કરો કે ઓર્ડર કરવાથી અધિકારી બનવામાં ત્રણેય ઓર્ડરમાં રહે છે?**

વિશ્વભરમાં વિરોધાભાસી વલણનો વાયરો

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

કહેવાય છે ને કે 'સારા કામમાં સો વિઘ્ન' ઈશ્વર આ ધરતી પર આવી નર્ક જેવી આ દુનિયાને સ્વર્ગ બનાવવાનું કાર્ય આરંભે છે. ઈશ્વરના આ ઉત્તમ કાર્યમાં કોઈ મદદ કરે છે જેનું વલણ સકારાત્મક હોય છે. એ પોતાના આ દૈવીગુણને લીધે સ્વર્ગમાં આવવાનું એડવાન્સ બુકીંગ કરાવી લેવામાં સફળ થાય છે. જ્યારે ઈશ્વરના આ ઉત્તમ કાર્યમાં કોઈ વિઘ્નકર્તા બને છે જેનું વલણ નકારાત્મક હોય છે. એ પોતાના આ આસુરી ગુણને લીધે જાણે કે અજાણે પોતાનું એડવાન્સ બુકીંગ નર્કમાં આવવાનું કરાવે છે! દરેકને કર્મના સિદ્ધાંત મુજબ ફળ મળે એમાં કોઈ શું કરે?

સકારાત્મકને હકારાત્મક પણ કહે છે. જેને અંગ્રેજીમાં પોઝીટીવ કહે છે. આથી ઉલટું નકારાત્મકને અંગ્રેજીમાં નેગેટીવ કહે છે.

આશાવાદી હોવું એ હકારાત્મક વલણ ધરાવનારનું પ્રથમ લક્ષણ છે. તે સમજે છે કે લાખો નિરાશામાં એક અમર આશા છૂપાયેલ છે. જેમ સાંજનો સૂરજ બિંદુ બની જઈ આથમી જાય છે પણ ફરી સવારે એ જ સૂરજ નવી આશા લઈ ઉદય પામે છે. તેમ આ કલિયુગી ઘોર રાત્રી પૂરી થઈ સતયુગનું સવાર જરૂર ઉગશે. આશા હંમેશા અમર હોય છે. આથી ઉલટું નિરાશાવાદીને આશાનું કોઈ કિરણ ક્યાંય દેખાતું નથી. તે સદા નિરાશામાં જ ઘેરાયેલ રહે છે. સ્વર્ગની વાતને તે હસી કાઢે છે. નર્કના કીડાને નર્કમાં જ ખદબદવું ગમે તેમ તે આ નર્ક જેવી કલિયુગી દુનિયામાં જ રાચે છે!

આત્મવિશ્વાસ હોવો એ સકારાત્મક વ્યક્તિનું બીજું લક્ષણ છે. આત્મ વિશ્વાસનો ઉત્તમ ગુણ ધરાવનારને પોતાનામાં વિશ્વાસ હોઈ તે સ્વાવલંબી હોય છે. પરમાત્મામાં જેને વિશ્વાસ છે એને પોતાનામાં પણ વિશ્વાસ હોય છે. પોતાની શક્તિઓમાં તેને વિશ્વાસ હોય છે. જેને લીધે તે પોતાના કાર્યમાં સફળ થાય છે. નકારાત્મક વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે. જેને લીધે તે નિષ્ફળતાને વરે છે. આત્મવિશ્વાસ ન હોવાથી તેને કાર્ય કરવાની હોંશ જ થતી નથી. 'મારાથી આ નહીં થઈ શકે' આ નબળો વિચાર જ તેની નિષ્ફળતાનું કારણ બની જાય છે. તેને કાર્ય કરવાનું મન જ થતું નથી. મન હોય તો માળવે જવાય ને ? પોતે આત્મા છે અને સર્વ શક્તિવાનનું સંતાન છે આવું જ્ઞાન ન હોવાથી આત્મવિશ્વાસ ક્યાંથી આવે ?

સકારાત્મક વલણ ધરાવનારનું ત્રીજું લક્ષણ છે હિમ્મતનું. જેનામાં હિમ્મત હોય છે તેને ઈશ્વરની મદદ મળે છે. ઈશ્વરની મદદ મળતાં તેનો ઉમંગ ઉત્સાહ વધે છે. આ ઉમંગ ઉત્સાહથી મોટાં મોટાં કામ પણ પાર પાડી શકાય છે. હિમ્મતવાન વિષે ગવાય છે - 'તેરી હિમ્મતમેં બલ ભગવાન કા, તૂઝે ડર ક્યા હૈ, આંધી તૂફાનકા?' આથી ઉલટું નકારાત્મક વલણવાળા મનુષ્યમાં હિમ્મતને બદલે બીક હોય છે. જેનો બીકણ સ્વભાવ હોય તેનામાં ભય હોય છે. આ ભયને કારણે તેના કામમાં ક્યારેય ભલીવાર હોતો નથી. આથી કહે છે કે, બીકણ બિચારો ફફડે નહીં તો શું કરે? પાંદડું ખખડે ને બીકણ ફફડે!

સકારાત્મક વ્યક્તિનું ચોથું લક્ષણ છે ઉદ્યમ કરવાનું. એ વ્યક્તિ ખંતીલી હશે. તેને નવરું રહેવું

ગમતું નથી. તેના જીવનમાં આળસનું નામ નિશાન હોતું નથી. આળસને છઠ્ઠો વિકાર કહે છે. ઉદ્યમી વ્યક્તિએ આ છઠ્ઠા વિકાર પર વિજય મેળવ્યો હોય છે. આ છઠ્ઠા વિકારને જીતેલ હોવાથી તે પ્રથમ પાંચેય વિકારને જીતવાનો પ્રખર પુરુષાર્થ કરે છે. આવા પ્રખર પુરુષાર્થની પાછળ પ્રારબ્ધ પડછાયો બનીને પીછો કરે છે. પુરુષાર્થ અને પ્રારબ્ધના હલેસાંથી જીવન નૈયા કલિયુગી વિષય વૈતરણી નદી પાર કરીને સ્વર્ગ તરફ આગળ વધે છે.

આથી ઉલટું નકારાત્મક વ્યક્તિ આળસુનો પીર કહેવાય છે. તેને કામ કરવાની આળસ આવે છે. તેથી તે નવરાશ અનુભવે છે. શું તે વ્યક્તિ નિષ્ક્રિય રહેતી હશે? ના રે, કહેવાય છે ને કે નવરો બેઠો નખ્ખોદ વાળે! પોતાનું જ ભાવિ બગાડવાનું કામ તે કરે છે! આથી ન તો પુરુષાર્થ ન તો ભાવિના હલેસાં વગરની તેની જીવનનૈયા જ્યાંની ત્યાં આગળ વધ્યા વિના પડી રહે છે. જેના ભાગ્યમાં સ્વર્ગનાં સુખ લખાણાં ન હોય તે ઉદ્યમ ક્યાંથી કરી શકે ? તેના ભાગ્યમાં તો નર્કના જ સુખ માણવાનાં હોય છે.!!

સકારાત્મક વ્યક્તિનું પનોતું પાંચમું લક્ષણ છે ઉત્સાહી હોવું તે. તેના જીવનમાં ઉત્સાહ કદી ઓસરતો નથી. આ ઉમંગ ઉત્સાહની પાંખોથી એ પ્રગતિની અકલ્પ્ય ઊંચાઈને આંબી જાય છે! મન બુદ્ધિથી એ પરમધામમાં બિરાજમાન પરમાત્મા સુધી પહોંચી જાય છે! આ માટે જરૂરી પવિત્રતાનું બળ પણ એ પ્રાપ્તિ કરવા સક્ષમ બની જાય છે! દરેક કાર્યમાં સફળતા મેળવવા જરૂરી ઉત્સાહનું જોમ હોવાથી કોઈ કામમાં એ પાછળ પડશે નહીં. રખે ને સંજોગવશાત્ તેને નિષ્ફળતા મળે તો પણ તે નિષ્ફળતાને થાંભલાનું સ્વરૂપ આપી તેના પર સફળતાનો પૂલ બાંધી લે છે. આનું નામ કહેવાય અનેરો ઉત્સાહ.

આથી ઉલટું... નકારાત્મક વ્યક્તિનું લક્ષણ હોય છે. નિરૂત્સાહીપણું. ઉમંગ ઉત્સાહ વિનાનું જીવન એ કંઈ જીવન છે? તે સદા મૃતપાય દશામાં જે જીવન જીવે છે. નર્કના કીડાની જેમ તે મરવાને વાંકે જીવે છે! કોઈ પાનો ચડાવવા કે ઉત્સાહમાં લાવવા બે શબ્દો કહે તો પણ તેને કોઈ અસર થતી ની! જાણે પથ્થર પર પાણી!! નિરૂત્સાહી પ્રારબ્ધને દોષ દેવાનો વલોપાત કરે છે. ઉત્સાહને અભાવે આગળ વધવાનું નામ જ લઈ શકાતું નથી. નિરુત્સાહીને ન કરવાના જ ફોગટ વિચાર આવે છે. આચારનું મૂળ વિચાર હોવાથી તેના આચરણમાં ભલીવાર હોતો નથી. નિરુત્સાહીની નિંદાને કદી ધ્યાનમાં લેવી નહીં કેમ કે તેમાં કંઈ જ તથ્ય હોતું નથી. હા, તેનામાં ઉત્સાહ રૂપી પ્રાણ પૂરવાનું પુણ્ય કાર્ય કરી શકાય. આથી જેમ ઈર્ષાળુને આશીર્વાદ તેમ નિરુત્સાહીને નમન કરીએ ને કહીએ કે તેના નિરુત્સાહીપણાનો ચેપ આપણને ન લાગે.

સકારાત્મક વ્યક્તિ સહકાર કે સહયોગ આપવાની વૃત્તિ ધરાવે છે જે તેનું છેલ છબીલું છઠ્ઠું લક્ષણ છે. કહેવાય છે કે વિના સહકાર નહિ ઉદ્ધાર. નિરાકાર ઈશ્વરને પણ ગીતા જ્ઞાન સંભળાવવા માટે સાકાર માધ્યમની મદદ લેવી પડે છે, તેમ આપણે આત્માને પણ કર્મ કરવા શરીરની જરૂર પડે છે. કથા કહે છે કે ગોવર્ધન પર્વત ઊંચકવામાં શ્રીકૃષ્ણની સાથે ગોવાળીયાઓએ પણ લાકડીનો ટેકો આપેલ હતો. તો સર્વ શક્તિવાન શિવ પરમાત્મા આ નર્ક જેવી કલિયુગી દુનિયાને સ્વર્ગમાં પરિવર્તન કરવા પોતાના સંતાનોનો સહયોગ લે છે. તેથી તો ગવાય છે કે સર્વના સહયોગથી સુખમય સંસાર સમા સ્વર્ગની સ્થાપના થાય છે.

સહયોગનું એક રૂડું દૃષ્ટાંત છે. જૂના

જમાનાની વાત છે. એ વખતે લગ્નપ્રસંગે જાન એક ગામથી બીજે ગામ ગાડામાં બેસીને જતી. એક લગ્ન પ્રસંગમાં એવું ઠરાવવામાં આવ્યું કે જાનમાં કોઈ વૃદ્ધને ન લઈ જવા. પરંતુ મૂંઝવણમાં માર્ગદર્શન મળી રહે તે માટે દાદાને ગાડાની નીચે છૂપાવીને લઈ જવાનું નક્કી થયું. લગ્નપ્રસંગના જમણવારમાં જમતા પહેલાં દરેક જાનૈયાના હાથ સાથે લાકડાની પટ્ટી બાંધી દેવામાં આવી. સૌને મૂંઝવણ થઈ કે જમવું કેવી રીતે? કોઈને યાદ આવ્યું કે ગાડા પાસે જઈ પરિસ્થિતિનું વર્ણન કર્યું. દાદા કહે, 'એમાં શું મૂંઝાવવાનું હોય ! સામસામા એક બીજાને કોળીયા મંડે દેવા.' બધાંને માર્ગદર્શન મળી જતાં સૌ આનંદપૂર્વક જમવા લાગ્યા. આ જોઈ માંડલીયા વિચારવા લાગ્યા કે જાનમાં નક્કી કોઈ વૃદ્ધ વ્યક્તિ હોવી જોઈએ.

આપણા સૌના દાદાઓના પણ દાદા એવા પરમપિતા પરમાત્મા હાલ સુખદાયી સ્વર્ગીય દુનિયાની સ્થાપના કરી રહ્યા છે. જેમાં સૌ સંપીને સહયોગથી સુખચેનમાં રહેતા હોય છે. પરંતુ ટૂંકા મનના સ્વાર્થી લોકો એકબીજાને સહયોગ આપતા નથી. સ્વર્ગમાં આવવું છે પરંતુ સહયોગની ભાવના નથી તેથી સ્વર્ગનું સુખ પણ પાઈપૈસાનું મળે ને? જુઓ તો ખરા, કેવી વિચિત્રતા છે કે જેને ઈશ્વરની ઓળખાણ છે તે નકારાત્મક વલણ દાખવી અસહકાર દાખવવાની ભૂલ કરે છે. જ્યારે ઈશ્વરની ઓળખાણ નથી તેનામાં સહયોગની ભાવના જોવા મળે છે! આવા 'રેડી મેઈડ' આત્માઓને ઈશ્વરની ઓળખાણ મળી જતાં ઝડપથી યોગ સાધના કરી પોતાનાં પાપ બાળીને સ્વર્ગની પોતાની 'રીઝર્વ્ડ' સીટ મેળવી લે છે!

એક બીજાને સહયોગ આપવાથી દૂઆ મળે છે. આ દૂઆ આત્માની ઉન્નતિમાં ખૂબ જ કામ આવે છે. જે સહયોગ ન આપે તેને સહયોગ ક્યાંથી મળે? સૌને આગળ વધવા સ્વપુરુષાર્થના પગ સાથે અન્યના સહયોગના બીજા પગની જરૂર પડે છે. જે નકારાત્મક છે તે અસહયોગી આત્મા હોઈ સહયોગના પગ વગર લંગડાતો ચાલે છે. લંગડાતી વ્યક્તિ કેવોક પ્રગતિપંથ કાપી શકે એ સમજી શકાય એવું છે. તેથી આપણી બાબતમાં આવું ન બને એ જોજો. અને સ્વર્ગીય દુનિયામાં સ્વપુરુષાર્થ અને સહયોગની ભાવનાથી સન્માનનીય સીટ સીક્યોર કરી લેજો એવી શુભ ભાવના સાથે સકારાત્મક વલણ ધરાવનાર સૌ કોઈને અંતઃકરણપૂર્વક ઈશ્વરીય અભિનંદન.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 27નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

દોસ્તને જાનથી મારી દે. જો તે મરી જશે તો રૂપિયા આપવા નહીં પડે. મનમાં શેતાની વિચાર કરવાથી તે શરતની સમાપ્તિના નિર્ધારિત દિવસે પહોંચ્યો.

પરંતુ ત્યાં પહોંચીને એને આશ્ચર્ય થયું કે એમનો મિત્ર શરતની સમાપ્તિના નિર્ધારિત દિવસથી એક દિવસ પહેલાં ત્યાંથી નીકળી ગયો હતો. અને એણે એક પત્ર પોતાના મિત્ર માટે મૂક્યો હતો જેમાં લખ્યું હતું, પ્રિય મિત્ર, હું દિલથી તારો આભાર માનું છું કારણ કે મેં એક માસમાં જે ખજાનો મેળવ્યો છે તે અણમોલ છે. એ માટે હું તારો સદાયે આભારી રહીશ. એકાંતમાં રહીને મેં અસીમ શાંતિ અને સુખની અનુભૂતિ કરી હવે મારી સમજમાં એ આવી ગયું છે કે આપણી જરૂરિયાતો જેટલી ઓછી હશે. એટલી અધિક શાંતિની અનુભૂતિ થશે. મેં પરમાત્માના અસીમ પ્રેમ અને અપાર શાંતિ મેળવી છે. એટલા માટે હું શરત તોડી રહ્યો છું. હવે મારે તારા પૈસાની જરૂર નથી. તારું ધ્યાન રાખજે. ઈશ્વર તારું મંગલ કરે.

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

અજ્ઞાનતા

એક ગામમાં એકવાર પૂરની સ્થિતિ ઉપસ્થિત થઈ. એલાન કરવામાં આવ્યું કે પૂરની સ્થિતિ આવવાની છે એટલે ગામ ખાલી કરો. બધા જ ગામવાળા ગામ ખાલી કરીને ઊંચી જગ્યામાં ગયા. પરંતુ ગામનો એક પૂજારી ગયો નહીં. બધાંએ એને સમજાવ્યો પણ એ માન્યો નહીં. અંતમાં સરપંચે એને નમ્ર નિવેદન કર્યું કે આપ ચાલો, નહીંતર આપનો જીવ મુશ્કેલીમાં મૂકાઈ જશે. પણ તે માન્યો નહીં અને પ્રસન્ન થઈને બોલ્યો, મને પ્રભુ પર સંપૂર્ણ વિશ્વાસ છે. ભગવાન મારું રક્ષણ કરશે.

પૂરનું પાણી વધવા લાગ્યું એટલે પૂજારી મકાનના ધાબા ઉપર ગયો. ત્યારે કેટલાક લોકો નાવ લઈને એને બચાવવા આવ્યા પણ પૂજારીએ એમને એમ કહીને પાછા વાળ્યા કે મને ભગવાન ઉપર વિશ્વાસ છે. પૂરનું પાણી વધતું જ ગયું. પાણી ધાબા સુધી આવી ગયું. ત્યારે મિલેટ્રીવાળા હેલીકોપ્ટર લઈને આવ્યા પૂજારીએ એમને પણ પાછા મોકલ્યા. તેથી પૂર વધતાં પૂજારી તણાઈ ગયો અને મૃત્યુ પામ્યો.

મૃત્યુ પછી પૂજારી ઈશ્વરની પાસે ગયો ત્યારે એણે ભગવાન ઉપર નારાજગી બતાવી કે પ્રભુ ! મારા વિશ્વાસને તમે તોડી દીધો. મને પૂરો વિશ્વાસ હતો કે તમે જરૂર આવશો અને મને બચાવશો. પરંતુ તમે આવ્યા નહીં.

હસતાં હસતાં પ્રભુ બોલ્યા કે હું કેટલીયવાર તારી પાસે આવ્યો પહેલાં ગામવાળાના માધ્યમથી મારી વાત તને પહોંચાડી. પછી સરપંચ દ્વારા અને નાવ દ્વારા મારી વાત પહોંચાડી. છેલ્લે હેલીકોપ્ટર પણ મોકલ્યું પરંતુ તમે તમારી અજ્ઞાનતા અને જિદ્દ ઉપર અડગ રહ્યા. આવામાં હું શું કરી શકું.

શરત

એકલવાયાપણાથી મહાન લેખક ટોલસ્ટોયની એક 'શરત' નામની વાર્તા યાદ આવી ગઈ. આ વાર્તામાં એક મિત્ર બીજા મિત્ર માટે એક શરત રાખે છે. શરત મુજબ જો એણે એકમાસ કોઈની સાથે વાત કર્યા વિના એ ઓરડામાં વીતાવ્યો. તો એને દસ લાખ રોકડ ઈનામ મળશે. જો એણે એક માસની અંદર કોઈ નિયમ તોડ્યો. તો તે હારી જશે અને તેને કંઈ પણ નહીં મળે. જો આ સમયમાં કોઈ સમસ્યા થઈ અને બહાર આવવા ઈચ્છતા હોય તો ઘંટડી વગાડીને સંકેત કરે અને ચાલ્યા જાય. શરત પ્રમાણે એને કંઈ પણ નહીં મળે.

પહેલા દિવસે આ મિત્ર શરત સ્વીકારી લે છે. કેટલાક પુસ્તકો અને ભોજનની થોડી સામગ્રી લઈને એક ઓરડામાં રહેવા માટે જાય છે. કેટલાક દિવસો તો પુસ્તકો વાંચવામાં ભોજન બનાવવા વગેરેમાં સમય વીતી ગયો. પણ ધીરે ધીરે તે એકલવાયાપણું સહન થઈ શક્યું નહીં. એને લાગ્યું કે ઘંટડી વગાડીને બહાર નીકળી જાઉં. પણ શરતને ધ્યાનમાં રાખીને ઈનામ મળવાની રકમ ધ્યાનમાં રાખી પોતાને સમજાવી રહ્યો. થોડા દિવસ પછી એને એકલવાયાપણું સારું લાગવા લાગ્યું એકાંતમાં તે ઘણી શાંતિની અનુભૂતિ કરવા લાગ્યો. સહર્ષ સમય વીતવા લાગ્યો. બીજી બાજુ એનો મિત્ર પરેશાન થઈ ગયો હતો કે એણે એક માસ પૂરો વીતાવ્યો તો મારે વાયદા મુજબ દસ લાખ રૂપિયા આપવા પડશે. તે વિચારમાં પડી ગયો અને એણે એક ખતરનાક નિર્ણય કર્યો કે તે પોતાના

(અનુસંધાન પેજ નં. 26 પર)

વર્તમાન સમયની આવશ્યકતા

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

2020નું વર્ષ ઘણી જ આપણી વિપત્તિઓથી પસાર થઈ રહ્યો છે. આપણે જાણીએ છીએ કે, એક તરફ મહામારી બીમારીનો ભય, બીજી તરફ પ્રકૃતિના પાંચેય તત્ત્વોનો પ્રહાર, ત્રીજી તરફ કુદરતનું ક્રૂર તાંડવ, ચોથી તરફ અગ્નિસમાન યુદ્ધની તૈયારીઓ. આવા સમયે માનવ આત્માઓ મનોમન બહુ જ નિરાશા, હતાશા અને બેચેની અનુભવી રહ્યા છે. વિચારી રહી છે કે ક્યાં સુધી આ પરિસ્થિતિઓનો સામનો કરવો પડશે? વીતેલા દિવસોની યાદ માળાના મણકાની જેમ બુદ્ધિમાં ફરી રહી છે. ત્યોહારોની રમઝટ, મેળા-મલાખડા, રહેણી-કરણી, શોપિંગ સેંટરો, હરવું-ફરવું, મોજ-મજા કરવી. આ લોકડાઉનમાં બેઠા બેઠાં અકળામણ-વિકળામણનો અનુભવ કરે છે. કાલે શું થશે એની ચિંતા કરે છે. મન, મોઢુ, મોબાઈલ ક્યાં સુધી બંધ રાખવું પડશે? એક-એક પળ એક મહિના જેવી લાગી રહી છે. પરંતુ વર્તમાન સમયની આવશ્યકતા છે કે આપણને જે સમય મળ્યો છે તેનો સદ્ઉપયોગ કેવી રીતે થાય? કારણ કે આપણે જાણીએ છીએ કે બાલ્ય અવસ્થા, રમત-ગમતમાં પૂરી થઈ, યુવા ફેશન, વ્યસન, કામ આસક્તિમાં વ્યસ્ત છે. વૃદ્ધ અવસ્થા વીતેલા સમયને યાદ કરી નકારાત્મકતા અનુભવ કરે છે. પરંતુ સકારાત્મકતા એ છે કે, આપણું આ માનવ જીવન એક અનમોલ પ્રભુ ઉપહાર છે જેને એમજ ગુમાવવો ન જોઈએ. પરંતુ એક-એક ક્ષણ સફળ કરવી જોઈએ.

વર્તમાન સમયે કુદરતનાં પ્રકોપે લોકોને ઘણી જ નિવૃત્તિ મળી છે એ ધારે તો એક-એક સેકન્ડનો ઉપયોગ કરી શકે છે. પરંતુ આદતથી મજબૂર આત્માઓ બોલે છે કે અમને ટાઈમ જ ક્યાં મળે છે. મારે આ કરવું છે.. તે કરવું છે... મોબાઈલમાં કેટલાય મિસ કોલ આવ્યા છે તેમને ફોન કરવા છે, અમને મરવાની ફુરસત નથી. આવા લોકોની જ્યારે દિનચર્યા જોઈએ છીએ ત્યારે વિશેષ બે જ કામ કરતાં હોય છે. ખાવાનું અને સૂવાનું ત્યારે યાદ આવે છે આ સમયે છે ટાઈમ મેનેજમેન્ટ કરી સમયને સફળ કરવાનો. એક નાની વાત યાદ આવે છે એક માણસ આંગણાની બહાર બેસીને ગાયોની ગણતરી કરતો હતો ત્યારે એક સંતે તેને પૂછ્યું - પારકી પંચાયતમાં તારો સમય શા માટે વેડફે છે? તેના કરતાં તારો સમય સફળ કર. આજે પણ ઘણાં લોકો પોતાનો સમય નકામી પ્રવૃતિમાં ગુમાવે છે. પરચિંતન, પરનિંદા, પરમત પર ચાલી સમય પસાર કરે છે. વાસ્તવમાં આવશ્યકતા છે સમયને સ્વ ઉન્નતિ માટે તેમજ પરિવાર, સમાજ, દેશ અને વિશ્વની માનવ આત્માઓ માટે ઉપયોગી બનવા માટે.

દિવસ અને રાત મળીને આપણને 24 કલાક પ્રતિદિન મળે છે. 8 કલાક દિવસનાં કામનાં સમયે કામ કરવું. ગપ્પા -ટપ્પાથી દૂર રહેવું, 8 કલાક વિશ્રાંતીના ટાઈમે ટોલ-ટપ્પા મારી સમય વેસ્ટ ન કરવો. બાકીના 8 કલાક પોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહી સ્વચિંતન કરવું કે હું કોણ છું? હું આ જગતમાં શા માટે આવ્યો છું. મારું પુણ્યનું ભાથું પરિપક્વ છે? આવી રીતે પ્રવૃત્તિમાં રહીને પણ નિવૃત્તિનો અનુભવ કરવો એ સમયની આવશ્યકતા છે. 8 કલાકમાં એક કલાક તો પ્રત્યેક માનવ સ્વયંની સાર્થકતા માટે કાઢી શકે છે. નીચે આપેલ પાંચ વાતો ઉપર ધ્યાન આપી શકે.

1. થોડા સમય માટે પોતાને ચૈતન્ય આત્મા સમજી વિચારવું કે આ શરીર, શરીરનાં સંબંધો તેમજ પદાર્થ, આ દુનિયા સર્વેને ભૂલી જઈ એક પરમાત્મા શિવ પિતાને યાદ કરી સ્વયંને શક્તિશાળી બનાવવા જેથી જીવનમાં ખુશી અને આનંદ મળે.

2. હું આત્મા આવ્યો એકલો અને જવાનો એકલો મારી સાથે ફક્ત શ્રેષ્ઠ કર્મો સાથે આવશે. ઈશ્વરીય શક્તિ દ્વારા પાપકર્મને ભસ્મ કરી પોતાને ગૃહસ્થી નહીં પરંતુ ટ્રસ્ટી સમજી થોડા સમય માટે બંધનમુક્ત નિર્વિઘ્ન આત્મા સમજવાથી મન શક્તિશાળી બનશે.

3. ગુણગ્રાહી બનો. પ્રત્યેક મનુષ્યમાં કોઈના કોઈ ગુણ તો છે જ. ગુણગ્રાહી બની પોતાને સર્વગુણોમાં સમ્પન્ન બનાવવું. પ્રવૃત્તિમાં રહીને પણ નિવૃત અવસ્થાનો અનુભવ કરવા. મન-વચન-કર્મથી પવિત્રનો ગુણ ધારણ કરી ક્ષમાશીલ બનવું.

4. ઈશ્વર સર્વશક્તિવાન છે એ શક્તિઓના પુંજ છે. સ્વયંને હંમેશા શક્તિશાળી સમજી નિર્બળ આત્માઓને શક્તિ આપી એને પણ સારા માર્ગે દોરવી. સમયનો સદુપયોગ કરવો છે.

5. હું એક સત્ય-ચૈતન્ય-આનંદ સ્વરૂપ આત્મા છું. પ્રભુનું બાળક છું. આ સૃષ્ટિમંચ ઉપર મને જે પાર્ટ મળ્યો છે. તે પ્લે કરી રહ્યો છું. આ દુનિયાનો કોઈ પણ આત્મા મારા પાર્ટમાં બાધક નથી. હું પ્રભુનો પ્રેમ આરાધક તેમજ સાધક છું. તેમજ વિશ્વના આત્માઓ માટે ઉપયોગી થવા તેવો એક ઓબિડીયન્ટ સર્વેન્ટ છું. આ પાંચ વાતો સર્વેને પ્રવૃત્તિમાં રહીને નિવૃત્ત અવસ્થામાં પણ એક અનોખી આધ્યાત્મિક શક્તિ પ્રદાન કરે છે જેનાથી માનવ પોતામાં રહેલા સર્વે અવગુણોને છોડી પારસ્પરિક શારીરિક બીમારીઓ, અશ્લિલતા તેમજ ભૌતિક દુવિધાઓથી દૂર થઈ મન-બુદ્ધિને સ્વસ્થ, સ્વચ્છ અને સ્થિર બનાવી જીવનને વર્તમાન સમયની આવશ્યકતાઓમાં પોતાની સક્રિય ક્ષણ આપી શકે છે અથવા સમયની આવશ્યકતા પૂરી પાડી શકે છે.

॥ ઓમશાંતિ ॥

- **બાપદાદા બ્રહ્માવત્સો પાસે એક આશા રાખે છે કે દરેક બ્રહ્માવત્સે સ્વયં પોતાના અનુભવના આધારે વિશ્વમાં એ પ્રત્યક્ષ કરીને બતાવવાનું છે કે શાંતિની શક્તિ શું શું કરી શકે છે? પોતાના સંપન્ન જીવનમાં પ્રયોગ કરવા લાગી જાઓ. આજ સુધી વાણી દ્વારા, સ્નેહ સંપર્ક દ્વારા સેવાનું પ્રત્યક્ષ ફળ બતાવ્યું. એની બાપદાદા મુબારક આપે છે. પરંતુ હવે અંતર્મુખતાની ગુફામાં રહીને, શાંતિની શક્તિના પ્રભાવનું પ્રત્યક્ષ પ્રમાણ વિશ્વને સમજાય, આ સંશોધન કરવાનું છે. કરાવવાનું છે. જે રીતે વિજ્ઞાન લાઈટ અને માઈટ દ્વારા પોતાનું રૂપ દરરોજ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રત્યક્ષમાં બતાવી રહ્યું છે એ રીતે આપની શક્તિ તો અતિશક્તિશાળી, દિવ્ય લાઈટ માઈટ બિન્દુની શક્તિ છે. તો દરેક બ્રહ્માવત્સનું આ રીતે સમાધાન અને સફળતામાં પ્રત્યક્ષ પ્રયોગ અને ફળ જોવા મળે. વિશ્વ માટે પણ સમાધાન સ્પષ્ટ થાય, ત્યારે જ શાંતિની શક્તિનું મહત્ત્વ વિશ્વને સમજાશે અને શાંતિની શક્તિ ઓટોમેટિકલી પરમાત્મા પિતાને પ્રત્યક્ષ કરશે. સમય તો અતિનો પડકાર આપી રહ્યો છે એટલે હવે પ્રત્યક્ષ પ્રમાણ બતાવો. જે વિજ્ઞાનની શક્તિ નથી કરી શકતી, તે શાંતિની શક્તિ દ્વારા પ્રત્યક્ષ બતાવો.**

દાદી મનોહર ઈન્દ્રાજી સાથેનો અવિસ્મરણીય અનુભવ

બ્ર.કુ. ભોલી (પાયલ), ઉપલેટા





પરમપિતા શિવ પરમાત્માએ જે આખી મનુષ્ય સૃષ્ટિના સર્જનહાર, સૃષ્ટિ નાટકના ક્રિયેટર, ડાયરેક્ટર અને મુખ્ય એક્ટર છે. એવા કલ્યાણકારી પિતાએ મુજ આત્મામાં હર કલ્પના 84 જન્મોના પાર્ટનો જે રેકોર્ડ ભર્યો છે એમાં વિશેષ આ કલ્યાણકારી પુરુષોત્તમ સંગમયુગનો સર્વોત્તમ પાર્ટ નોંધીને મને પદ્માપદ્મ ભાગ્યશાળી બનાવી દીધી છે એ બદલ સૌપ્રથમ તો શિવબાબાનો દિલથી આભાર માનું છું. મને એ વાત પર સંપૂર્ણ નિશ્ચય છે કે હું આ કલ્પની (આગલા જન્મમાં જ્ઞાન સાંભળીને જ્ઞાનનું બીજ રોપાઇને શરીર છોડેલી) આત્મા છું જેને લઈને આ જન્મમાં મને એ પરમ સૌભાગ્ય સાંપડ્યું કે મને જ્ઞાની પરિવારમાં જન્મ મળ્યો. શાસ્ત્રોમાં જે અભિમન્યુની યાદગાર છે એ જાણે મારા પાર્ટ સાથે સંકળાયેલું છે. કેમ કે મારા લૌકિક માતાએ ત્યારે સાત દિવસનો કોર્સ કર્યો જ્યારે હું ગર્ભમાં હતી. જ્ઞાનની પાલના તો મને ત્યારથી જ મળવા લાગી. મારા પિતાની બહેન એટલે કે મારા ફઈ કે જેમને હું ગીતાદીદી કહું છું તેમને 1984માં જ્ઞાન પ્રાપ્ત થયું. તો મારા જન્મ બાદ મને એમના દ્વારા જ્ઞાનની અલૌકિક પાલના મળી. મારા માતા જિસ્માની ટીચર છે. એ સમયે એમની સર્વિસ દૂરના ગામે હતી જ્યાંથી અપડાઉન શક્ય ન હતું ન મને ત્યાં લઈ જવી શક્ય હતી. તો એ તો 15 દિવસે ઘરે આવતા. તો નાનપણથી જ દીદીએ મને પાલના આપી જેથી મારામાં જ્ઞાનનું બીજારોપણ થયું. એનું એક ઉદાહરણ કે મને સુવડાવતી વખતે એ ક્યારેક 'પંછી રે, ઉડ જા પ્યારે વતન મે' હાલરડું સંભળાવતાં તો ક્યારેક 'કોણ હલાવે લીમડીને કોણ ઝુલાવે પીપળી, શિવબાબાની લાડકી બ્રહ્માબાબા ઝુલાવે ડાળખી,' ગાતાં જે સાંભળતાં જ નન્હી પરી 5 મિનિટમાં જ વતનમાં વિશ્રામ લઈ લેતી. ત્યાર બાદ મારા પિતાએ સંગીતના શોખને લઈ રાશિ વગર મારું નામ પાયલ રાખ્યું. પણ લૌકિકમાં જેમ ફઈ નામ રાખતાં હોય એમ દીદીએ મારી રાશિ 'ધન' લઈ મારું અલૌકિક નામ 'ભોલી' રાખ્યું. ભક્તિમાર્ગમાં શિવબાબાની મહિમાનું ગાયન ભોલાનાથ તરીકે છે તો ભોલાબાબાની ભોલી ઉપરાંત એમની એ શુભકામના હતી કે આ ભોલીદાદી જેવી ભંડારી બને. એમની એ શુભકામના ફલીભૂત થઈ. 2008માં મે મારું લૌકિક ભણતર (12 Com.

85.86%) પૂરું કરી લીધું. ત્યારથી આજ સુધી રોજ મારા હાથે બાબાનો ભોગ બનાવી બાબાને જમાડીને પછી બાબા સાથે જ ભોજન લઉં છું. રસોઈ મારું સૌથી પ્રિય કાર્ય છે. મનમાં એ ભાવ રહે છે દાદીની જેમ હું પણ સૌને બ્રહ્માભોજનથી સંતુષ્ટ કરું.

હવે વાત કરું એ અવિસ્મરણીય યાદગાર પળની કે જે મને પૂર્વજન્મના કોઈ સંચિત પુણ્યકર્મના ફળસ્વરૂપે મળી છે. ગુજરાત ઝોનના જુનાગઢ સબઝોનના અમારા સેવાકેન્દ્ર ઉપલેટામાં 1992માં દાદી મનોહરઈન્દ્રાજીનો આવવાનો કાર્યક્રમ બનેલો. આમ તો અમારા સેવાકેન્દ્રની ધરણી ખૂબ ભાગ્યશાળી છે કારણ કે જેમાં દરેક દાદીઓ દાદી પ્રકાશમણિજી, દાદી ગુલઝારજી, દાદી જાનકીજી, દાદી ચંદ્રમણિજી વગેરેના પુણ્યવંત કદમ થયેલા છે. ત્યારે ગીતાદીદીએ સ્વાગત ગીત પણ બનાવેલું, 'પુણ્યવંત પડે યે પાંવ રે, ધન્ય હુઈ યે ગાંવ રે, પ્યારા દાદી આઓ, મીઠા દાદી આઓ..' મને એ મહાન આત્મા મનોહર દાદીની પવિત્ર ગોદ મળી ત્યાર બાદ લૌકિક પિતાએ મધુબન મહાયજ્ઞ માટે સૌગાત મારા હાથોથી અર્પિત કરી. આમ તો બાળકો રમકડું માની હાથમાં આવેલી વસ્તુ છોડતા નથી પણ મે તરત દાદીને આપી દીધી. ત્યારે એ મહાન વિભૂતિના મુખ દ્વારા મુજ આત્માને એ વરદાન મળ્યું. દાદી બોલ્યા યે મહાદાની આત્મા હૈ.' ભલે એ સમયે તો હું નાસમજ હતી. પણ હવે જ્યારે મને રેખાદીદી (ઉપલેટા સેવા કેન્દ્ર ઈન્ચાર્જ) અને ગીતાદીદી દ્વારા આ વાત સાંભળવા મળે છે ત્યારે બેહદ ખુશી અને ધન્યતાની લાગણી અનુભવું છું.

ભક્તિમાર્ગમાં પ્રભુની આકાશવાણી વિશે સાંભળેલું અને દીદી પાસેથી ગુલઝાર દાદીના તનમાં બાપદાદાની પધરામણીનાં અદભુત દૃશ્યનું વર્ણન સાંભળેલું. જેને નજરે નિહાળવા જેનો અનુભવ કરવા મન તડપી રહ્યું હતું. ડાયમંડ હોલના વિશાળ સભાગારમાં અવ્યક્ત બાપદાદાની સંગે મધુર મિલન મનાવવાનું સ્વપ્ન 17-03-2003માં સાકાર થયું. જ્યારથી પ્રભુમિલનની એ અવર્ણનીય ખુશી મળી. જાન્યુઆરી 2005 થી ખાન-પાનની દૃઢ ધારણા અપનાવી, બ્રહ્માકુમારી બનવાનો તો પહેલેથી જ દૃઢ નિર્ધાર કર્યો હતો. જ્ઞાનમાં પણ જરા પણ સંશય ક્યારેય નથી આવ્યો. કમ્પ્યુટર યુગ હોવા છતાં આજ દિવસ સુધી મોબાઈલને પણ ટચ કર્યો નથી, ધારણા રૂપે આ વાત અપનાવી છે.

ઘણા કહે છે કે દુઃખધામ જલદી પૂરું થાય અને સ્વર્ગ જલદી આવે. અંતર મન કહે છે વિનાશ પણ ગૌણ છે, સ્વર્ગનું પ્રારબ્ધ પણ સૂનું લાગે છે કેમ કે બાબા છે તો જ બધું છે. દિલ ચાહે છે સંગમયુગ ચાલ્યા જ કરે અને બાબા સાથે મધુર મિલન થતું રહે. બાબાની સાકાર, અવ્યક્ત કે નિરાકારી પાલના મળતી રહી. જ્ઞાન એ સૂચવે છે ડ્રામા એક્યુરેટ, બાબા જ્યારે કહે છે કે 'બચ્ચે પઢાઈ પૂરી હો જાયેગી ઔર બાપ કા આના બંધ હો જાયેગા' ત્યારે આંખોમાંથી અશ્રુ છલકાઈ જાય છે. બાબાએ બ્રહ્માબાબા અને મમ્માને એક્ઝામ્પલ તરીકે તૈયાર કર્યા છે તો ફોલો મધર કરી, દાદીઓના પ્રત્યક્ષ જીવનને જોઈ એમની પાલનામાં રહીએ. મનોહર દાદીએ મને જે મહાદાનીનું વરદાન આપ્યું છે એને સંપૂર્ણપણે સાર્થક કરું એ જ મારી સ્વયં પ્રતિ શુભભાવના છે.

॥ ઓમશાંતિ ॥

- **પ્રેમથી બોલાયેલ એક શબ્દ કેટલાય લોકોના દુ:ખી હૃદય શીતળ બનાવી શકે છે.**
- **સાદા જીવન વિના આપણે બીજાનો સ્નેહ પ્રાપ્ત કરીશું નહીં.**

સાક્ષીભાવમાં રહેવું જ સાચા યોગી બનવું છે.

ભીડથી ટેવાઈ ગયેલા લોકો એકાંતસ્થાનમાં ફરવા જાય, તો તે એકાંતનો આનંદ માણી શકતા નથી. પ્રકૃતિ ખૂબ ખિલીને પોતાની રોનક વિખેરી રહી છે, એનાં જુદી જુદી જાતનાં દૃશ્યો સામે આવીને પ્રેરણા આપી રહ્યાં હોય એવામાં એ લોકો અંદર બેઠાં બેઠાં અંતાક્ષરી રમી રહ્યાં હશે, વચ્ચે વચ્ચે ટૂચકાઓ સંભળાવતા અને ઠઠ્ઠા મશ્કરી કરતા હશે. થોડીવારમાં જ નાસ્તા પાણી કરતા હશે. દુનિયાભરની પંચાત કરીને સમય વ્યતીત કરતા હશે, ફીલ્મી ગીતો સાથે તાલ મિલાવતા હશે. યા તો ગાઢ નિદ્રામાં પોતાનો સમય પસાર કરતા હશે, પરંતુ આવા લોક જ્યાં જુએ છે ત્યાં એમને એક જ પ્રકારના પહાડ, એક સરખાં ઝરણાં તથા એક સરખી નદીઓ જ દેખાય છે. અલગ અલગ રીતથી પ્રકૃત્તિને જોવી યા એનો આનંદ માણવા માટે એમની પાસે દૃષ્ટ હોતી નથી.

ભૂતકાળનાં દૃશ્યો અને તેનાં સંસ્મરણ એમના માનસપટ ઉપર હોવાને કારણે, વર્તમાનનાં દૃશ્યોને, વર્તમાનની ઘટનાઓને વિસ્મયપૂર્વક નિહાળવાનો આનંદ લઈ શકતા નથી. એક જ સ્થાનને અને એક જ દૃશ્યને અલગ અલગ જોવાનો પણ એમાં ફરક પડી જાય છે. એવું તે સમજતા નથી કે જાણતા નથી.

આ જગતની ભીડમાં રહેવું, નિરંતર દોડભાગ કરતા રહેવું, ચિંતા અને તનાવની વચ્ચે જીવવું એટલું વધારે કઠણ નથી જેટલું કોઈ શાંત અને એકાંત સ્થાન પર એકલા એકલા, કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ વિના જીવવાનો સમય આવે તો એને સહન કરવું ઘણું કપરું લાગે છે. કોઈ સારા, સમજદાર માનવને પોતાની બધી સગવડો ભરેલા એક રૂમમાં માત્ર ત્રણ મહિના માટે બંધ કરવામાં આવે તો ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ મળી આવશે કે તે પાગલ ના થઈ હોય. બાકી મોટે ભાગે લોકો, વિક્ષિપ્ત, સૂનમૂન અને માનસિક રીતથી બીમાર જોવા મળશે. રૂમમાં સર્વ પ્રકારના ખાદ્યપદાર્થ મળી જતા હોય, સૂઈ જવા માટે સારો પલંગ હોય, સારાં સારાં વસ્ત્ર મળી જાય, સર્વ પ્રકારની સગવડો હોય છતાં પણ મનુષ્ય વધારે સમય એકાંતમાં રહી શકતો નથી.

અનેક લોકો આપને એવું કહેતાં અને સાંભળતાં મળશે કે કામ કરીને જાણે તેઓ ઉબાય ગયા છે, થાકી ગયા છે. સંસારની આ માયાજાળથી અને કામકાજથી મુક્તિ મળી જાય તો ઘણું સારું. પરંતુ એ વ્યક્તિને એક રૂમમાં શાંતિથી પરે થઈને સમય વીતાવતાં આરામ કરવા માટે કહેવામાં આવે તો તે લાંબા સમય સુધી રહી શકશે નહીં. એની પાસે રેડિયો, ન્યુઝ પેપર, ટી.વી. કોઈપણ પ્રકારની ચીજ ના હોય તો ધીરે ધીરે તે વ્યક્તિ સ્વયંની સાથે, સ્વયં સાથે સ્વયંની વાત કરવાનું શરૂ કરી દેશે. એકલા એકલા બડબડ કરશે, બકવાસ કરશે. ત્રણ મહીનાના અંતમાં તો તે કદાચ પાગલ બની જાય. પાગલનો અર્થ એ છે કે તે પોતાની કાલ્પનિક દુનિયા બનાવી લેશે અને એની સાથે વાતો કરવી યા લડવું ઝઘડવું શરૂ કરી દેશે. તેવી હરકતો દેખાશે.

દુનિયામાં બે પ્રકારના લોકો છે. જે દુ:ખને ભૂલવાની કોશિશ કરે છે. એના માટે તેઓ ન્યુઝ પેપર, ટી.વી. જોવું, પત્તાં રમવાં, રમત રમવી, પીક્ચર પાર્ટી આદિમાં સમય બરબાદ કરશે યા દારૂ યા કોઈને કોઈ વ્યસનના શિકાર બની જશે. અલગ અલગ સ્ત્રી-પુરુષોને ભોગવતાં આંતરિક સુખ ભૂલી જાય છે. જેવું એમને એકાંત મળે, કોઈ

વ્યક્તિ યા પ્રવૃત્તિ ના મળે તો પાગલ જેવો વ્યવહાર કરવા લાગશે. દુઃખને ભૂલવાના તમામ પ્રયાસ નિષ્ફળ જાય ત્યારે મનુષ્ય અંદરમાં વિક્ષિપ્ત બની જાય છે. દુઃખને ભૂલવાનો પ્રયાસ ગમે તેટલો કરવામાં આવે, છતાં પણ દુઃખ તો અંદર જ હોય છે. માત્ર એને નવાં નવાં આવરમથી ઢાંકવામાં આવે છે.

એનાથી વિપરીત બીજા પ્રકારના માનવ હોય છે. જેને દુઃખોને ભૂલવામાં મજા આવતી નથી. તેઓ તેને ભૂલવામાં રુચિ રાખતાં નથી. પીડાશામક, પેઈન કીલર દવા લઈને પોતાના દર્દને દબાવતા નથી. આ પ્રકારનાં મનુષ્યો દુઃખના મૂળ સુધી જાય છે અને મૂળમાંથી જ દુઃખ દૂર કરવાનો પ્રયાસ કરે છે. જેમ કે ધ્યાન, મેડીટેશન, પ્રેમ, અધ્યાત્મ, અંતર્યાત્રાના ઉપાય અજમાવે છે. તેઓ દુઃખને જડમૂળથી દૂર કરી શકે છે. રહે છે તો આ દુનિયામાં પણ દુઃખ તને સ્પર્શ કરી શકતાં નથી. પોતાનો સાક્ષીભાવ રાખીને જીવે છે. જીવનમાં જે કંઈ મળે છે સુખ યા દુઃખ, તે સર્વનો પોતાના મનમાં સ્વીકાર કરે છે. પ્રભુ પ્રસાદની જેમ દરેક પરિસ્થિતિને અપનાવીને જીવે છે અને એને પ્રેમ પણ કરે છે. આવા લોકોને કોઈપણ પરિસ્થિતિ દુઃખી કરી શકતી નથી. આ પ્રકારની કેટેગરીવાળા મનુષ્યને આપણે યોગી કહીએ છીએ. યોગી અર્થાત્ જે દરેક પરિસ્થિતિમાં સચ્ચાઇ તથા વાસ્તવિકતાને એજ રૂપમાં સ્વીકાર કરે છે. તેનાથી પ્રભાવિત થતા નથી.

તો આપે જોયું, બે પ્રકારના લોકો સમાન પરિસ્થિતિઓમાં હોવા છતાં એક છે જે એકાંતનો આનંદ લઈ શકતા નથી. જ્યારે બીજા પ્રકારના લોકો જે દરેક પરિસ્થિતિમાં જીવવાનું જાણે છે. એના મનમાં રહે છે કે એમનું આ જીવન એમને પ્રભુપ્રસાદના રૂપમાં મળ્યું છે. એને જીવવાનું છે, બસ જીવવાનું છે. તો જેઓ પ્રગતિશીલ અને પ્રવૃત્તિશીલ રહે છતાં સાચા યોગીભાવમાં જીવે છે તેઓ જ સાચા યોગી કહેવાય છે. જો આપણે ઈતિહાસમાં જોઈએ તો ગાંધીજી, નેલ્સન મંડેલા વગેરે મહાન વ્યક્તિઓએ કારાવાસમાં પણ સ્વઉન્નતિ કરીને, એક નવી રચના રચીને દુનિયાને આપ્યું અને જીવ્યા પણ. જેમને આજે આપણે પ્રેમ કરીએ છીએ. તેમને ભૂલી શકતા નથી.

॥ ઓમશાંતિ ॥

- **સદા દરેકની વિશેષતા જોઈને વિશેષતાને કાર્યમાં લાવો. કારણ કે બાપદાદાએ (પરમપિતા શિવ પરમાત્મા અને પ્રજાપિતા બ્રહ્મા) દરેક બ્રહ્માવત્સને કોઈને કોઈ વિશેષતા સ્પેશ્યલ આપી છે. પરંતુ જેઓ પોતાની વિશેષતાને કાર્યમાં લાવે છે તેઓ પ્રસિદ્ધ બની જાય છે અને જેઓ વિશેષતાને કાર્યમાં લાવતા નથી તેઓ ગુપ્ત રહી જાય છે. બાકી વિશેષતા સર્વમાં છે. નાનામાં નાના આત્મામાં પણ વિશેષતા છે.**
- **ઈશ્વરીય કાર્યમાં સહયોગ આપવો એમાં મોટું પુણ્ય પ્રાપ્ત થાય છે એની નિશાની - ગુરુદ્વારામાં જુઓ મોટા મોટા વી.આઈ.પી. સેવા કરવા જાય છે. આ તો સીધા ઈશ્વરીય કાર્યમાં સહયોગી બનવું એ કેટલું પુણ્ય છે. આ પુણ્યની મૂડી મૃત્યુ પછી પણ સાથે જશે. બીજું કંઈ નહીં આવે. સ્નેહી, સહયોગી બનતા રહો.**
- **સમયના મહત્ત્વને જાણીને કર્મોની ગુહ્યગતિનું ધ્યાન રાખો. નષ્ટોમોહા એવરેડી બનો.**

વર્ષ ૨૦૨૧ માટે વિશેષ સૂચના

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોના સૌ નિમિત સંચાલિકા બહેનો, સાથી બહેનો, ઈશ્વરીય પરિવારના બ્ર.કુ.ભાઈઓ-બહેનો તથા સૌ સ્નેહી વાંચકમિત્રો,

આપ કુશળ મંગળ હશો તેવી શુભ કામના રાખું છું. વર્તમાન સમયે આપસૌ સદા સ્વસ્થ અને સેફ રહો તેવી દિલથી અભ્યર્થના.

જાન્યુઆરી-૨૦૨૧થી ગુજરાતી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થનાર છે. આપ સૌને નમ્ર નિવેદન છે કે નવા વર્ષ ૨૦૨૧ માટે આપના સેવાકેન્દ્રોની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા મોડામાં મોડા ૩૦, નવેમ્બર-૨૦૨૦ સુધીમાં સુખશાંતિ ભવન, બ્ર.કુ. નંદિનીબેનને જ્ઞાનામૃતના **Email :** gyanamrit.guj@gmail.com કે વ્હોટસએપ દ્વારા જાણ કરવા નમ્ર વિનંતી છે. જ્ઞાનામૃતનું લવાજમ યથાવત રાખેલ છે. જાન્યુઆરી-૨૦૨૧નો અંક ડિસેમ્બર-૨૦૨૦માં તૈયાર થઈ પ્રેસમાં છપાવવા આપવાનો હોવાથી, આપ સૌના સહયોગથી જ્ઞાનામૃતની સંખ્યા એડવાન્સમાં અમને મળી જાય તો પ્રિન્ટીંગમાં વધુ સગવડતા રહે.

આ વર્ષે વૈશ્વિક મહામારીના કારણે પ્રિન્ટીંગ પ્રેસ જુન માસ સુધી બંધ રહેવાના કારણે આપને જ્ઞાનામૃતની ઈ-કોપી ઈમેલ અથવા વ્હોટસએપથી મોકલવાનું શરૂ કરેલ છે. પ્રિન્ટીંગનું કામ જુલાઈ માસથી રેગ્યુલર, સરળતાથી શરૂ થવાથી આપ સૌને હવે નિયમિત જ્ઞાનામૃત મોકલી રહ્યાં છીએ, આશા રાખું છું કે આપને સમયસર વ્યવસ્થિત રીતે મળી જતાં હશે.

સમગ્ર વર્ષ દરમિયાન આપ સૌનો દરેક કાર્યમાં ખૂબ જ સાથ, સહકાર અને સપોર્ટ મળેલ છે. તેના દ્વારા આજ સુધી બાબાની આ સેવાઓ અવિરત ચાલી રહી છે અને હવે આગળ પણ આપણે સૌ સાથે મળીને વધારીએ, તે બદલ જ્ઞાનામૃત ટીમ આપ સૌનો અંતકરણ પૂર્વક હૃદયથી ખૂબ-ખૂબ આભાર માને છે.

જ્ઞાનામૃત બાબતે આપને કોઈ તકલીફ પડતી હોય તો આપ નિ:સંકોચ સંપર્ક કરી શકો છો. આપની અનુકુળતા પ્રમાણે સેવાકેન્દ્ર પર અથવા દરેક સભ્યોને ડાયરેક્ટ તેમના ઘરે પોસ્ટ દ્વારા પણ ખૂબજ સરળતાથી મોકલી શકાય તેવી સુંદર વ્યવસ્થા પણ છે. તો સમયસર આપની સંખ્યા અમને મળી જશે તેવી શુભ આશા અને વિશ્વાસ છે. ॥**ઓમશાંતિ** ॥

- **નવું વર્ષ અર્થાત્ નવો ઉમંગ, નવો ઉત્સાહ. સ્વ પરિવર્તનનો ઉમંગ છે. સર્વ પ્રાપ્તિઓને સ્વયંમાં પ્રાપ્ત થયેલી જોઈને દિલમાં ઉત્સાહ છે. દુનિયાવાળાઓ માટે એક દિવસનો ઉત્સવ છે અને આપ લકી લવલી બાળકો માટે સંગમયુગનો દરેક દિવસ ઉત્સવ છે કારણ કે ખુશીનો ઉત્સાહ છે.**
- **જીવનમાં સફળ થવા માટે જે જે ગુણો કેળવવા પડે છે, તેમાં આત્મશ્રધ્ધા - આમ વિશ્વાસને અગ્રીમ સ્થાન આપી શકાય. આત્મવિશ્વાસ એટલે પોતાની જાત પરનો વિશ્વાસ. પોતાની જાત પરની શ્રધ્ધા.**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

આત્મન દૈવી ભાઈઓ અને બહેનો,

વર્તમાન સંગમયુગની સુહાવની ઘડીઓમાં પરમપિતા શિવ પરમાત્મા તેમનાં બાળકોને નવયુગની નવીન દુનિયામાં દેવ તુલ્ય વિશ્વ મહારાજાના ઊંચા સ્થાને બેસાડવા માટે નીત આધ્યાત્મિક અર્થ, ભાવ સાથે અનેક રહસ્યો ખોલી આપણને સૌને મહાવાક્યો દ્વારા નવી અલૌકિક શબ્દાવલીઓ આપતાં રહ્યા છે. આપણે સૌએ નિયમિત ઈશ્વરીય મહાવાક્યોનું શ્રવણ કરતાં કરતાં જીવનને ઉન્નત પથ પર લઈ જવા સંકલ્પ પણ કરેલ છે. પરમાત્મા શિવ આપણાં મનને મનન-ચિંતન દ્વારા અને શુધ્ધ સંકલ્પોથી પાવન બનાવી તથા શ્રેષ્ઠ સત્કર્મો કરવાની પ્રેરણાઓ અને માર્ગદર્શન આપતા રહ્યા છે.

નૂતનવર્ષની સુપ્રભાતે કંઈક નવીનતા સભર કરવાનાં એક સંકલ્પથી નવા વર્ષથી ગુજરાતી જ્ઞાનામૃતમાં સંગમયુગની શબ્દાવલી શ્રૃંખલા (નવી કૉલમ) શરુઆત કરી રહ્યા છીએ. આધ્યાત્મિક જ્ઞાન અને આપ સૌ આપના મનન-મંથનનાં આધારે આડી-ઉભી ચાવીઓનાં ખાનાને ભરશો. આપને દર મહિને જ્ઞાનયુક્ત એક-એક નવી પહેલી તથા ગત મહિનાની પહેલીના જવાબો પણ અવશ્ય સાથે મોકલીશું, જેની સાથે આપ આપના જવાબોને સરખાવી પણ શકશો.

સંગમયુગની શબ્દાવલી ભાગ-૧

૧			૨	■	૩	■	૪		■
	■	■	૫			■	■	૬	
	■	૭	■	■	૮	૯		■	■
૧૦	૧૧		૧૨		■		■	૧૩	
■		■		■	૧૪		■		■
૧૫		૧૬	■	૧૭		■	૧૮		૧૯
■	૨૦			■		■		■	
■	■		■	■	■	૨૧		■	
■	૨૨	■	■	૨૩	■		■	૨૪	
૨૫			■	૨૬				■	■

આડી ચાવીઓ:-

૧. પ્્રકાશનું પર્વ (૪)
૪. દિવાની પ્રગટે (૨)
૫. લોચન, આંખ (૩)
૬. આકાશ, ગગન (૨)
૮. લાઈન, પંક્તિ, હરોળ (૩)
૧૦. મન જીતે .... (૫)
૧૩. શારદા, ...ની દેવી સરસ્વતી (૨)
૧૪. રાય, સલાહ (૨)
૧૫. બિંદી, ચાંદલો, ચીદીં (૩)
૧૭. રવ શબ્દનું ઉંધું, વરદાન (૨)
૧૮. બાપદાદા સાથે મધુબનમાં ...... (૩)
૨૦. શોધ, ખોજ (૩)
૨૧. ગરીબ, કંગાળ (૨)
૨૪. જીવન કે .... સાંસો કે સ્વામી (૨)
૨૫. કુંભ, ઘડો (૩)
૨૬. સૌને .... મુબારક (૪)

ઊભી ચાવીઓ:-

૧. શિવબાબાનું એક નામ (૪)
૨. રત, મગ્ન (૨)
૩. દાદી જાનકીનું એક નામ (૩)
૭. પાલનહાર, પિતાજી (૨)
૯. યોગથી આત્માને મળે છે. (૩)
૧૧. બેદરકારી, લાપરવાહી (૪)
૧૨. કસરતનું સ્થાન (૨)
૧૩. કોટોમાં કોઈ, વીર, મહાન (૩)
૧૪. જેવી અરજી તેવી .... (૩)
૧૬. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, વૈજ્ઞાનિક (૩)
૧૮. નવવર્ષ સ્નેહ .... (૩)
૧૯. શુધ્ધતા, પ્યુરીટી શબ્દનું ગુજરાતી અનુવાદ (૪)
૨૧. લાંબુ આયુષ્ય, ચિરંજીવી (૩)
૨૨. શક્તિ, તાકાત (૨)
૨૩. સૂર્યનો અંગ્રેજી શબ્દ (૨)

Gyan Amrit Vol.13. | Issue 11 | November 2020 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

If Undelivered Please Return To :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com